" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-324 | AD-2026, Shravan Vad-02 | Sunday, Dt. 30-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ચીનની નવી આપત્તિ ચેતવણી; કૃત્રિમ તળાવ તૂટવાના ભય વચ્ચે બચાવ કામગીરી તેજ, સેંકડો ભારતીયોના સંપર્ક માટે પ્રયાસો ચાલુ

# નેપાળ-તિબેટમાં વિનાશક પૂરની તબાહી : મૃત્યુઆંક ૬૦૦ને પાર, ૨,૦૦૦થી વધુ લોકો ગુમ

કાઠમાંડૂ, તા. ૨૯

નેપાળ અને તિબેટના વિસ્તારોમાં આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનની ઘટનાએ ભારે તબાહી મચાવી છે. પ્રાપ્ત અહેવાલો મુજબ નેપાળમાં મૃત્યુઆંક ૬૦૦ને પાર પહોંચી ગયો છે, જ્યારે ૨,૦૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ હોવાનું જણાવાયું છે. મૃત્યુઆંક અંગે વિવિધ અહેવાલોમાં અલગ-અલગ આંકડા સામે આવતા સત્તાવાર ચકાસણીની પ્રક્રિયા ચાલુ છે. બીબીસીના અહેવાલ મુજબ સ્થાનિક પોલીસ દ્વારા મૃત્યુઆંક ૬૨૬ સુધી પહોંચ્યાની માહિતી આપવામાં આવી હતી. જોકે, બાદમાં એક અપડેટમાં નેપાળ પોલીસે વાસ્તવિક મૃત્યુઆંક ૬૧૬ હોવાનું જણાવ્યું હતું. તિબેટમાં પણ પૂર અને ભૂસ્ખલનને કારણે જાનહાનિના અહેવાલો સામે આવ્યા છે. દરમિયાન, ચીનના રાજ્ય મીડિયાએ નેપાળને નવી આપત્તિ ચેતવણી આપી છે. તિબેટ વિસ્તારમાં ભૂસ્ખલન અને કાટમાળના કારણે બનેલા તળાવમાં પાણીનું સ્તર ફરી વધી રહ્યું હોવાનું જણાવાયું છે. તળાવનો રંગ સતત ઘેરો થતો હોવાને કારણે તેના કાંઠા તૂટવા અથવા વધુ ભૂસ્ખલનનો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે. ચીન-નેપાળ સરહદ નજીક ગિરોંગ બંદર વિસ્તારમાં બચાવ ટીમોએ ડ્રોન તૈનાત કર્યા છે તેમજ ઢોળાવો પર સતત નજર રાખવા માટે નિરીક્ષણ પોસ્ટો ઊભી કરવામાં આવી છે. ચીની અધિકારીઓએ જણાવ્યું છે કે તળાવ તૂટે તો નદીના પ્રવાહમાં



વધારો થઈ શકે છે. તેથી નદીકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ડોભાલ વિસ્તારમાં બનેલા કૃત્રિમ તળાવમાંથી પાણી સતત છલકાઈ રહ્યું હોવાના અહેવાલોને પગલે ભોટે કોશી નદીનું જળસ્તર પણ વધ્યું છે. ગુમ થયેલા લોકોમાં મોટી સંખ્યામાં વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. અહેવાલો મુજબ આશરે ૩૨૦ ભારતીય નાગરિકોનો સંપર્ક થઈ શક્યો નથી અને તેમની શોધખોળ ચાલુ છે. તેમાં કૈલાશ માનસરોવર યાત્રા પર ગયેલા કેટલાક યાત્રાળુઓ પણ સામેલ હોવાનું માનવામાં આવે છે. જોકે, ચીનની સરહદ નજીક ફસાયેલા આશરે ૪૦૦ ભારતીયો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. નેપાળની સેના અને પોલીસ દ્વારા યુધ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. રાસુવા જિલ્લામાં ઉપલા ત્રિશૂલી-૧ હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગમાં ફસાયેલા લોકોને બચાવવામાં આવ્યા છે. ત્રિશૂલી હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સાથે જોડાયેલા ૬૩ કર્મચારીઓ સહિત કુલ ૮૪ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

તમિલનાડુના ૨૧ યાત્રાળુઓને પણ પૂરગ્રસ્ત વિસ્તારમાંથી સુરક્ષિત રીતે ભારત પહોંચાડવામાં આવ્યા છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે હેલિકોપ્ટર દ્વારા બચાવ કામગીરીમાં અડચણ ઊભી થઈ છે. ભારત તરફથી ૧૧ સભ્યોની બચાવ ટીમ પણ નેપાળ પહોંચી સ્થાનિક તંત્રને મદદ કરી રહી છે. બીજી તરફ, ચીન-નેપાળ સરહદ નજીક પૂરમાં ગુમ થયેલા ઈશા ફાઉન્ડેશનના ૭૭ યાત્રાળુઓ અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી નથી. શોધ અને બચાવ કામગીરી હજુ પણ યુધ્ધના ધોરણે ચાલુ છે.

# પ્રધાનમંત્રી મોદી ઉઝબેકિસ્તાન જવા રવાના, એસસીઓ સમિટમાં લેશે ભાગ

નવીદિલ્હી,તા. ૨૯



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવના આમંત્રણ પર બે દિવસની મુલાકાતે તાશ્કંદ જવા રવાના થયા છે. તેઓ ૨૯ અને ૩૦ ઓગસ્ટ દરમિયાન ઉઝબેકિસ્તાનમાં રોકાશે અને બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા રાષ્ટ્રપતિ મિર્ઝીયોયેવ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. ત્યારબાદ ૩૧ ઓગસ્ટે વડાપ્રધાન કિર્ગિસ્તાનની મુલાકાત લેશે. ઉઝબેકિસ્તાન રવાના થતાં પહેલાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે તેઓ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ના સભ્ય દેશો સાથે સુરક્ષા, જોડાણ અને વિકાસના ક્ષેત્રે ભારતનું વિઝન આગળ વધારવા આતુર છે. તેમણે આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના પડકારો સામે સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની મુલાકાતથી મધ્ય એશિયા સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનશે અને બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક તથા લોકો વચ્ચેના સંબંધોને નવી ગતિ મળશે. તાશ્કંદમાં મોદી અને રાષ્ટ્રપતિ મિર્ઝીયોયેવ વચ્ચે વેપાર અને રોકાણ, સંરક્ષણ, ડિજિટલ કનેક્ટિવિટી, ઊર્જા, શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરવામાં આવશે. બંને નેતાઓ 'વિકસિત ભારત ૨૦૪૭' અને 'ઉઝબેકિસ્તાન ૨૦૩૦'ના વિકાસ લક્ષ્યોને આગળ વધારવા અંગે પણ ચર્ચા કરશે. વડાપ્રધાન તાશ્કંદમાં શાસ્ત્રી સ્મારક તેમજ તાશ્કંદ સ્ટેટ યુનિવર્સિટી ઓફ ઓરિએન્ટલ સ્ટડીઝ ખાતે મહાત્મા ગાંધી કેન્દ્રની મુલાકાત લે તેવી પણ અપેક્ષા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાત બંને દેશો વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાની તક પૂરી પાડશે. વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) સિબી જ્યોર્જે જણાવ્યું હતું કે ઉઝબેકિસ્તાનની આ વડાપ્રધાન મોદીની ચોથી મુલાકાત છે.

# કેનેડામાં પંજાબી યુવાનોને મોટી રાહતઃ વર્ક પરમિટ એક્સટેન્શન માટે હવે ૯૦ દિવસનો સમય

જલંધર, તા.૨૯



કેનેડામાં કામ કરી રહેલા પંજાબી યુવાનો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. જેમની વર્ક પરમિટ સમાપ્ત થવાની તૈયારીમાં છે અને તેમના નોકરીદાતાઓએ પહેલેથી જ લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA) માટે અરજી કરી દીધી છે, તેમને વર્ક પરમિટ એક્સટેન્શનની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે હવે વધારાનો સમય મળશે. કેનેડિયન ઈમિગ્રેશન વિભાગે વર્ક પરમિટના એક્સટેન્શન માટેનો સમયગાળો ૬૦ દિવસથી વધારીને ૯૦ દિવસ કર્યો છે. આ નિર્ણયથી ખાસ કરીને એવા પંજાબી યુવાનોને લાભ થવાની શક્યતા છે, જેઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કેનેડામાં કામચલાઉ વર્ક પરમિટ પર નોકરી કરી રહ્યા છે. ઘણા યુવાનો હાલના નોકરીદાતા સાથે રોજગાર ચાલુ રાખીને ભવિષ્યમાં કાયમી નિવાસ મેળવવા ઈચ્છે છે. જોકે, LMIA પ્રક્રિયામાં વિલંબને કારણે તેમની વર્ક પરમિટ સમાપ્ત થવાની અને રોજગાર પર અસર થવાની ચિંતા રહેતી હતી. નવા નિયમથી તેમને પ્રક્રિયા પૂર્ણ કરવા માટે વધારાના ૩૦ દિવસ મળશે. જોકે, ૯૦ દિવસનો સમયગાળો નવી વર્ક પરમિટ તરીકે ગણવો નહીં. આ સુવિધાનો લાભ લેવા માટે નોકરીદાતાએ સમયસર LMIA અરજી કરી હોવી જરૂરી છે. માત્ર વર્ક પરમિટ સમાપ્ત થવાના થોડા સમય પહેલાં LMIA અરજી કરવામાં આવી હોય તો દરેક કિસ્સામાં ૯૦ દિવસના વિસ્તરણની ગેરંટી મળતી નથી. તેથી અરજદારો અને નોકરીદાતાઓએ છેલ્લી ઘડી સુધી રાહ ન જોતા સમયસર જરૂરી કાર્યવાહી કરવી જરૂરી છે.

## ડીએમકે સાથે સીમાંકન અને મંત્રીમંડળમાં પ્રતિનિધિત્વ અંગે ચર્ચા તેજ

# સીમાંકન મુદ્દે મોદી સરકાર સપ્ટેમ્બરમાં બે દિવસનું ખાસ સત્ર યોજે તેવી શક્યતા

નવીદિલ્હી, તા. ૨૯



મોદી સરકાર સપ્ટેમ્બરના મધ્યમાં સીમાંકન અને મહિલા અનામત અંગે ચર્ચા કરવા માટે સંસદનું બે દિવસનું ખાસ સત્ર બોલાવવાની તૈયારી કરી રહી હોવાના અહેવાલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મધ્ય એશિયાના પ્રવાસેથી પરત ફર્યા બાદ ખાસ સત્ર અને કેબિનેટ વિસ્તરણ અંગે અંતિમ ચર્ચા થવાની શક્યતા છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કેબિનેટ વિસ્તરણ પહેલાં એનડીએમાં જોડાવા ઈચ્છુક પક્ષોને સાથે લાવવાની સરકારની યોજના છે. આ ઉપરાંત, એનસીપીના બંને જૂથોના વિલીનીકરણ અને ડીએમકેને સરકારમાં સામેલ કરવા અંગે પણ વાટાઘાટો ચાલી રહી હોવાનું કહેવાય છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ એનસીપીના બંને જૂથોના વિલીનીકરણ અંગે ચર્ચા કરી રહ્યા છે. સીમાંકનના મુદ્દે સરકાર અને ડીએમકે વચ્ચે ચર્ચા ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, રાજ્યોમાં લોકસભાની બેઠકોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો કરવાની જોગવાઈ બિલના ડ્રાફ્ટમાં સામેલ કરવાની ખાતરી ડીએમકેને આપવામાં આવી છે. ડીએમકેના લોકસભામાં ૨૨ અને રાજ્યસભામાં આઠ સાંસદ છે. તેથી ખાસ સત્રમાં સીમાંકન બિલ પસાર કરાવવા માટે ડીએમકેનું વલણ મહત્વપૂર્ણ બની શકે છે. દરમિયાન, કેન્દ્ર સરકારે ૨૦૨૩ના મધ્યસ્થી અધિનિયમ હેઠળ મધ્યસ્થી પરિષદની રચના કરી છે. કાયદા મંત્રાલય દ્વારા જાહેરનામું બહાર પાડીને આ પરિષદની રચનાની જાહેરાત કરવામાં આવી છે. પરિષદ મધ્યસ્થી સેવાઓ આપતી તથા તાલીમ અને પ્રમાણપત્ર આપતી સંસ્થાઓને માન્યતા આપશે અને સંસ્થાકીય વિવાદોના નિરાકરણને નિયમિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# ન્યૂયોર્કમાં મોહન ભાગવતે બેઘર લોકોને ખોરાક વિતરણ અભિયાનમાં ભાગ લીધો


નવીદિલ્હી,તા. ૨૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શુક્રવારે ન્યૂ યોર્કના ૨૬ સેકન્ડ એવન્યુની મુલાકાત લીધી હતી. આ સ્થળે સ્વામી પ્રભુપાદે પ્રથમ ઈસ્કોન મંદિરની સ્થાપના કરી હતી. ઈસ્કોનની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ભાગવતે બેઘર લોકોને મદદરૂપ થવા માટે આયોજિત ખાદ્ય વિતરણ અભિયાનમાં પણ ભાગ લીધો હતો. આ મુલાકાત દરમિયાન તેઓ ભારતીય સમુદાયના સભ્યો સાથે મુલાકાત કરશે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૩૦-૦૮-૨૦૨૬

વાવડી-ચોકી-સનાળા-લાખાપાદર-ઈશ્વરીયા રોડ માટે

# કૌશિક વેકરીયાના પ્રયાસોથી રૂ.૧.૮૦ કરોડનાં વિકાસ કામોને મંજૂરી

અમરેલી, તા.૨૯

અમરેલી વિધાનસભા મતવિસ્તારમાં માર્ગ અને માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વાવડી - ચોકી - સનાળા-લાખાપાદર - ઈશ્વરીયા રોડ પર માર્ગ સલામતી, વરસાદી પાણીના નિકાલ તેમજ વાહન વ્યવહારને વધુ સરળ અને સુગમ બનાવવા માટે અંદાજિત રૂ.૧.૮૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસલક્ષી કામોને મંજૂરી આપવામાં આવી છે. આ કામોને મંજૂરી મળતા આસપાસના અનેક ગામોના લોકોને સીધો લાભ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.અમરેલી વિધાનસભા મતવિસ્તારના વિકાસને પ્રાથમિકતા આપતા રાજ્યમંત્રી અને અમરેલી-કુંકાવાવ-વડિયાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ વાવડી-ચોકી-સનાળા-લાખાપાદર-ઈશ્વરીયા રોડ અંગે રજૂઆત કરી હતી. તેમની રજૂઆતના પરિણામે હવે આ મહત્વપૂર્ણ માર્ગ પર જરૂરી વિકાસ કામો હાથ ધરવામાં આવશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન માર્ગ પર વરસાદી પાણી ભરાવાની સમસ્યામાં ઘટાડો થાય તેમજ વાહનચાલકોને સુરક્ષિત અને સુવિધાજનક માર્ગ મળી રહે તે દિશામાં કામ કરવામાં આવશે. સદર રોડ પર અંદાજિત રૂ.૧.૩૦ કરોડના ખર્ચે સ્લેબ અને પાઈપ ડ્રેઈન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીથી વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા વધુ સુદૃઢ બનશે. સાથે જ માર્ગની સલામતી અને ટકાઉપણામાં પણ વધારો થશે. આ કામ પૂર્ણ થયા બાદ વાવડી, ચોકી, સનાળા, લાખાપાદર અને ઈશ્વરીયા સહિતના ગામોના લોકોને વરસાદી



પાણીના નિકાલ તેમજ માર્ગ વ્યવહારમાં નોંધપાત્ર સુવિધા મળશે. આ ઉપરાંત સદર રોડ પર આવેલા સનાળા ગામતળ વિસ્તારમાં સી.સી. રોડ બનાવવાની કામગીરી પણ કરવામાં આવશે. અંદાજિત રૂ.૫૦ લાખના ખર્ચે થનારા આ કામથી ગામતળ વિસ્તારમાં વાહન વ્યવહાર વધુ સરળ અને સુવિધાજનક બનશે. સનાળા ગામતળ વિસ્તારમાં આ અંગે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા કૌશિકભાઈ વેકરિયાને રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિક લોકોની જરૂરિયાતને ધ્યાનમાં લઈને આ કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી છે.બંને વિકાસલક્ષી કામગીરી પૂર્ણ થયા બાદ સમગ્ર માર્ગ પર વાહન વ્યવહાર વધુ સુરક્ષિત અને સુગમ બનવાની સાથે વરસાદી પાણીના નિકાલની સમસ્યામાં પણ સુધારો થશે. કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, અમરેલી વિધાનસભા મતવિસ્તારના દરેક ગામ અને દરેક વિસ્તાર સુધી ગુણવત્તાસભર માર્ગ અને પાયાની સુવિધાઓ પહોંચાડવી તેમની પ્રાથમિકતા છે. સ્થાનિક નાગરિકોની જરૂરિયાતો અને રજૂઆતોને ધ્યાનમાં લઈને વિકાસ કામોને મંજૂરી અપાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

વાવડીથી ઈશ્વરીયા સુધીના માર્ગના આ વિકાસ કામોથી અનેક ગામોના નાગરિકોને સીધો લાભ મળશે અને સમગ્ર માર્ગ વ્યવસ્થા વધુ સુદૃઢ બનશે.

# બગસરા માર્કેટિંગ યાર્ડમાં ૨ થી ૫ સપ્ટેમ્બર સુધી જાહેર હરરાજી બંધ રહેશે

અમરેલી, તા. ૨૯

બગસરા માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતભાઈઓ તથા વેપારીભાઈઓને જાણ કરવામાં આવી છે કે આગામી તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ બુધવારથી તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ શનિવાર સુધી રજા જાહેર કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન માર્કેટિંગ યાર્ડ ખાતે કપાસ તેમજ અનાજ અને કઠોળની જાહેર હરરાજી સહિતનું તમામ કામકાજ બંધ રહેશે. માર્કેટિંગ યાર્ડના પ્રમુખની યાદીમાં જણાવ્યા મુજબ રજાના સમયગાળા દરમિયાન ખેડૂતો અને વેપારીઓએ હરરાજી માટે યાર્ડ ખાતે આવવાનું ટાળવું. ત્યારબાદ તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સોમવારથી જાહેર હરરાજીનું તમામ કામકાજ નિયમિત રીતે શરૂ કરવામાં આવશે. આ અંગે તમામ ખેડૂતભાઈઓ, વેપારીભાઈઓ અને સંબંધિતોએ નોંધ લેવા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અમરેલીના પનોતા પુત્ર ડો. જીવરાજ મહેતા જન્મજયંતિ પર દિલીપ સંઘાણીએ કરી પુષ્પાંજલિ

અમરેલી,તા.૨૯

અમરેલીના પનોતા પુત્ર તથા ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાના જન્મ દિવસ પર ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કર્યા હતા. આ પ્રસંગે દિલીપ સંઘાણીએ જણાવ્યું કે,



અમરેલીના ધરતી પર જન્મીને ડો. જીવરાજ મહેતાએ સમગ્ર ગુજરાતને વિકાસની નવી દિશા આપેલું. તેમનું દુરંદેશી વિચાર અને જનસેવાની ભાવના આજે પણ પ્રેરણારૂપ છે. આઝાદીના સંગ્રામમાં અને નવા ગુજરાતના નિર્માણ માટે તેમની ભુમિકા ખૂબ મહત્વનું રહ્યું હતું. પુષ્પાંજલિ સમયે અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા, જયંતિભાઈ પાનસુરીયા, ડેની રામાણી, મુકુંદ મહેતા, ઋજુલ ગોંડલીયા, સંજય રામાણી, રવિન્દ્ર ચોડવડીયા અને રમેશ શીંગાળા ઉપસ્થિત રહ્યા હતા.

# રક્ષાબંધને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કરી અનોખી પહેલ

રાજુલા,તા.૨૯

રાજુલા રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રાજુલા-જાફરાબાદ-ખાંભા વિધાનસભા વિસ્તારના મહિલા સભ્યો માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ અનોખી પહેલની જાહેરાત કરી છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સહિતની બેઠકોના મહિલા સભ્યોને રૂ.૧ લાખની વિકાસલક્ષી ગ્રાન્ટ આપવામાં આવશે. મહિલા સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા સ્થળોએ આ ગ્રાન્ટમાંથી જરૂરી



વિકાસકાર્યો હાથ ધરાશે. આ પહેલથી ગ્રામ્ય વિસ્તારોના નાના-મોટા વિકાસકાર્યોને વેગ મળવાની સાથે મહિલા જનપ્રતિનિધિઓને પોતાના વિસ્તારના પ્રશ્નો ઉકેલવામાં વધુ સક્રિય ભૂમિકા ભજવવાની તક મળશે.

# ખાંભા માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં રસાકસી થાય તેવી શક્યતા


**ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૩૦થી વધુ ઉમેદવારી ફોર્મ ભરાતા ચૂંટણી જંગ રસપ્રદ બન્યો**

ખાંભા,તા.૨૯

ખાંભા માર્કેટિંગ યાર્ડની સામાન્ય ચૂંટણી તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાવાની છે. ત્યારે આજે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતાં ખેડૂત મત વિભાગની ૧૦ બેઠકો માટે ૩૦થી વધુ ખેડૂત ખાતેદારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. જેના પગલે આ વખતની ચૂંટણી રસાકસીભરી બનવાની શક્યતા છે. આધારભૂત માહિતી મુજબ ચૂંટણીમાં સત્તાધારી ભાજપ પક્ષની બે પેનલ તેમજ કોંગ્રેસ અને આપની સંયુક્ત એક પેનલ મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. જોકે ભાજપ દ્વારા સત્તાવાર પેનલને મેન્ડેટ આપવામાં આવ્યા બાદ જ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. ખેડૂત મતદાર વિભાગમાં ચૂંટણી માટે ૩૭ સહકારી મંડળીઓના આશરે ૫૬૦ સભાસદો મતદાર તરીકે નક્કી કરાયા છે. ખેડૂતોના હિત અને યાર્ડના વિકાસના મુદ્દાઓ ચૂંટણીમાં મહત્વના બની શકે છે.

# ધારીના ગળધરા ખોડિયાર મંદિર નજીક નવ સિંહોનું ટોળું કેમેરામાં કેદ

ધારી,તા.૨૯



ધારીના ગળધરા ખોડિયાર મંદિર નજીક નવ સિંહોનું મોટું ટોળું એકસાથે જોવા મળતા આ દૃશ્યો કેમેરામાં કેદ થયા હતા. સિંહોના આ ટોળાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સ્થાનિકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું. મંદિર નજીક એકસાથે નવ સિંહો જોવા મળતા લોકોમાં ચર્ચા જાગી હતી. સામાન્ય રીતે સિંહનું ટોળું ન હોય તેવી કહેવત પ્રચલિત છે, પરંતુ આ દૃશ્યોએ કહેવતને ખોટી સાબિત કરી હોય તેવું જોવા મળ્યું હતું.

# રાજુલાની મહિલા કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા રક્ષાબંધનન અનોખી ઉજવણી

રાજુલા,તા.૨૯

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજના એન. એસ.એસ. વિભાગ દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. એન.એસ.એસ.ની સ્વયંસેવક બહેનોએ કુમાર શાળા નં. ૧ ખાતે જઈ બાળકોને રાખડી બાંધી અને મોં મીઠું કરાવ્યું હતું. આ પ્રસંગે બાળકોમાં ભારે આનંદ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય અને સ્ટાફનો સહયોગ મળ્યો હતો.


તસવીર : ગોપાલ રાઠોડ

# અમરેલીના જેશીંગપરા સિવિક સેન્ટરમાં PGVCLનું સુવિધા કેન્દ્ર શરૂ કરવા પાલિકા પ્રમુખની રજૂઆત

અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરના વિશાળ વસ્તી ધરાવતા જેશીંગપરા વિસ્તારમાં આવેલ અમરેલી નગરપાલિકાના સિવિક સેન્ટર ખાતે PGVCLનું ગ્રાહક સુવિધા કેન્દ્ર શરૂ કરવા માટે નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ મંત્રી કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને રજૂઆત કરી છે. હાલમાં આ વિસ્તાર અને આસપાસના નાગરિકોને વીજળી સંબંધિત નાની-મોટી કામગીરી માટે શહેરના અન્ય વિસ્તારોમાં જવું પડે છે, જેનાથી ખાસ કરીને મહિલાઓ, વડીલો અને સામાન્ય લોકોને સમય અને અવરજવરની મુશ્કેલી પડે છે.આ પ્રસ્તાવિત કેન્દ્ર ખાતે વીજ



બિલ ભરવું, વીજ પુરવઠા અંગેની ફરિયાદો નોંધાવવી, નવા જોડાણ કે નામ ફેરફારનું માર્ગદર્શન મેળવવું અને વીજ ખાતાની માહિતી જેવી મૂળભૂત સેવાઓ ઘરઆંગણે મળી રહે તેવો અનુરોધ કરાયો છે. વધી રહેલી વસ્તીને ધ્યાને રાખીને નાગરિકોને સરળ અને સત્વરે સેવાઓ પૂરી પાડવા માટે સંબંધિત અધિકારીઓને આ અંગે જરૂરી સૂચનાઓ આપવા પત્રમાં આગ્રહ રખાયો છે.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી

બગસરા,તા.૨૯

બગસરાની ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સંસ્કૃત ગૌરવયાત્રા યોજાઈ હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં વિશાળ રેલી યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં સૂત્રોચ્ચાર કરી વેદ-ઉપનિષદના પુસ્તકો અને વિવિધ બેનરો સાથે જનજાગૃતિ ફેલાવી હતી. રેલીમાં મેઘાણી હાઈસ્કૂલ અને જનતા


તસવીર : મયુર પંડ્યા

કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આચાર્ય વિનોદભાઈ જેઠવા, નોડલ ઓફિસર અને શિક્ષકમિત્રોએ આયોજનમાં માર્ગદર્શન આપ્યું હતું.તા. ૨૭ ઓગસ્ટે સંસ્કૃત સંભાષણ દિવસ નિમિત્તે સંસ્કૃતમાં સંવાદ તેમજ કંઠ્ય પાઠ, ચિત્ર, વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ યોજાઈ હતી. તા. ૨૯ ઓગસ્ટે સાહિત્ય ચાર્ટ અને પુસ્તક પ્રદર્શન સાથે વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.









# ધાતરવડી ડેમ-૧ માંથી સિંચાઈ માટે પાણી છોડાતા રાજુલા પંથકના ખેડૂતોમાં ખુશી

રાજુલા,તા.૨૯

રાજુલા પંથકમાં વરસાદ ખેંચાવાને કારણે ખેડૂતોના વિવિધ ઊભા પાકને પાણીની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ હતી. અપૂરતા વરસાદના કારણે પાકને પાણીની અછતનો સામનો કરવો પડી રહ્યો હતો અને પાક સુકાઈ જવાની ભીતિથી ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી હતી. આ સ્થિતિ વચ્ચે ખેડૂતો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ધાતરવડી ડેમ-૧માંથી આજે સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું છે.ખેડૂતોની સમસ્યાને ધ્યાનમાં રાખીને ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જીગ્નેશ પટેલ દ્વારા ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને પગલે સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોના હિતમાં



ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.સ્થાનિક ખેડૂતોના હસ્તે ડેમમાંથી પાણી છોડવામાં આવતા પંથકના ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ડેમની નીચે આવતા માંડરડી, વડલી, ધારેશ્વર, કુંડલિયાળા, ચારોડીયા સહિત આસપાસના કુલ ૧૩ ગામોના ખેડૂતોને આ પાણીનો સીધો લાભ મળશે. વરસાદની અછત વચ્ચે છોડાયેલું પાણી પાક માટે જીવનદાન સમાન સાબિત થતાં ખેડૂતોને મોટી રાહત મળી છે.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી દ્વારા રક્ષાબંધન પર્વની કરાઈ ઉજવણી

અમરેલી,તા.૨૯

અમરેલી ખાતે રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ડોક્ટર ગજેરા, ઈન્ડિયા હેલ્પ લાઈન સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર કિરીટભાઈ દેસાણી, રાષ્ટ્રીય



મજદૂર પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, ડોક્ટર વિજયભાઈ વાળા, સંજયભાઈ પોપટ તથા હિતેશભાઈ જોશી સહિત કાર્યકર્તા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બહેનોએ કાર્યકર્તા ભાઈઓને રક્ષાસૂત્ર અને રાખડી બાંધી તેમના સુખ, શાંતિ અને સુરક્ષા માટે શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં ડિમ્પલબેન પોપટ, હેતલબેન જોશી, ઉષાબેન નિમાવત સહિતની બહેનોએ સક્રિય સહભાગીતા નોંધાવી હતી. રક્ષાબંધનના પર્વની ઉજવણી ભાઈચારા અને સ્નેહભર્યા વાતાવરણમાં કરવામાં આવી હતી.

# અમરેલીના ચિતલ ગામે બે સ્થળેથી ૩૨૦ લીટર દેશી દારૂનો આથો મળ્યો

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબિશન સામે કડક કાર્યવાહી કરી રહી છે. ખાંભાના ભાડ ગામેથી હાલ સુરત રહેતો એક યુવક નશાયુક્ત હાલતમાં પકડાયો હતો, જેની પાસેથી દારૂની એક બોટલ પણ મળી આવી હતી. રાજુલાના ચાંચ ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ તથા પાંચ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં ૪૬ લોકો પાસેથી ગેરકાયદેસર દેશી દારૂ મળી આવ્યો હતો. સાવરકુંડલામાં બે મહિલાઓ પાસેથી દેશી દારૂ બનાવવાનો ૩૩ લીટર આથો ઝડપાયો હતો, જ્યારે અમરેલીના ચિતલ ગામે બે સ્થળેથી ૩૨૦ લીટર આથો મળ્યો હતો.

આમ, જિલ્લામાં કુલ ચાર શખસો પાસેથી ૩૫૩ લીટર આથો ઝડપાયો હતો.

# લાઠી પંથકમાં સગીરાને અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી નરાધમોએ સામૂહિક દુષ્કર્મ આચરતાં ખળભળાટ

**આંબરડી ગામના ૪ શખ્સો સામે ગુનો નોંધાયો**

લાઠી, તા.૨૯

લાઠી પંથકમાં સગીરાને ધાકધમકી આપી, અશ્લીલ વીડિયો બનાવી સાતત્યપૂર્ણ સતામણી અને દુષ્કર્મ આચરવાની ચકચારી ઘટના સામે આવી છે. આ મામલે પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.લાઠીના આંબરડી ગામના ભૌતિક વિપુલભાઈ તળાવીયા, નિકુલ રાજુભાઈ ડેર, સાગર વિપુલભાઈ નાથાણી તથા જોગડદાસ રાવળ સામે નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીઓએ સગીરાના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેના અશ્લીલ ફોટા અને વીડિયો પડાવી સોશિયલ મીડિયા પર મેળવી લીધા હતા. આ સામગ્રી વાયરલ કરવાની ધમકી આપી આરોપી અવારનવાર બળાત્કાર ગુજારતો હતો.આ ઉપરાંત અન્ય આરોપીઓએ પણ વીડિયો-ફોટા વાયરલ કરવાની ધમકી આપી, ઈન્સ્ટાગ્રામ વીડિયો કોલ દરમિયાન સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. ત્યારબાદ બ્લેકમેલ કરીને દુષ્કર્મ આચર્યું હતું અને વીડિયો વાયરલ કર્યો હતો. આરોપીઓએ વીડિયો વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી શારીરિક સંબંધ બાંધવા તેમજ ન્યૂડ વીડિયો કોલ કરવા દબાણ પણ કર્યું હતું.ચારેય શખ્સોએ સમાન ઈરાદા સાથે દુષ્કર્મ આચરી, છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે આ અંગે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. સગીરા પર સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ કેસની વધુ તપાસ દામનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. એ. જી. જાડેજા ચલાવી રહ્યા છે.

# ધારીના ધારગણી ગામે ગાડી હટાવવાનું કહેતા ગાળો આપી

ધારી, તા.૨૯

ધારીના ધારગણી ગામે ગાડી હટાવવાનું કહેતા ગાળો આપીને મુંઢ ઈજા પહોંચાડી હતી. આ અંગે રાજેશભાઈ નાગજીભાઈ સરધારા (ઉ.વ.૬૫)એ વાવડી ગામના અનકભાઈના દીકરા તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ રાત્રે તેઓ પોતાની વાડીએ જતા હોય તે દરમ્યાન તેના વાડીના માલીકીના રસ્તા ઉપર એક ફોર વ્હીલ ગાડી રસ્તામાં આડી રાખી અવરોધ કર્યો હતો. જેથી તેમણે ગાડી હટાવાનું કહેતા સારૂં નહોતું લાગ્યું. અનકભાઈના દિકરા તથા અજાણયા ઈસમોએ તેમને ગાળો આપી આરોપીઓ ચારેય લાકડી વડે તેને શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. તેમજ તેમને માથાના પાછળના ભાગે ત્રણ ટાંકા આવી તેવી ઈજા કરી હતી. ઉપરાંત અનકભાઈના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દિપુભાઈ અમરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના માનકેશ્વર મહાદેવ મંદિરે ભૂદેવોએ ધારણ કર્યું યજ્ઞોપવિત

ખાંભા,તા.૨૯

ખાંભા શહેરના પ્રાચીન અને આસ્થાના કેન્દ્ર સમાન માનકેશ્વર મહાદેવ મંદિર ખાતે રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે ભૂદેવો દ્વારા યજ્ઞોપવિત ધારણ કરવાનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ભૂદેવોએ પવિત્ર યજ્ઞોપવિત ધારણ કરી ધાર્મિક સંસ્કારોનું પાલન કર્યું હતું. આ સમગ્ર વિધિ મહેશ દાદા દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરાવવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભૂદેવો, બ્રહ્મ



સમાજના આગેવાનો, વડીલો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક વાતાવરણ વચ્ચે સૌએ માનકેશ્વર દાદાના ચરણોમાં શ્રધ્ધાપૂર્વક વંદન કરી સર્વના સુખ, શાંતિ, આરોગ્ય અને સમૃધ્ધિ માટે પ્રાર્થના કરી હતી. યજ્ઞોપવિત ધારણ કરીને ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાને જાળવી રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ખાંભા તાલુકાના ભાડ ગામે સીમ વિસ્તારમાં જુગાર રમતાં ૫ ઝડપાયા

ખાંભા, તા.૨૯

ખાંભાના ભાડ ગામે સીમ વિસ્તારમાં નગમાબેન ફારૂકભાઈ જાખરાની વાડી પાસે જુગાર રમતાં ૫ ઝડપાયા હતા. તેમની પાસેથી રૂ. ૫૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ભીખુભાઈ અલીભાઈ ચૌહાણ, હિમતભાઈ ભીખુભાઈ વેગડ, પ્રફુલભાઈ મનજીભાઈ સોલંકી, અશ્વિનભાઈ ભીખુભાઈ બોડા તથા સલીમભાઈ ઉર્ફે જારૂભાઈ ઉમરભાઈ ઝાંખરા જાહેરમા ગંજીપત્તાનાં પાના વડે તીન પત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૫૦,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ જનકભાઈ જીલુભાઈ હિમાસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં પત્ની-પુત્ર પિયર ચાલી જતાં માઠું લાગવાથી એસિડ પીનારા પતિનું સારવાર દરમિયાન મોત

રાજુલા, તા.૨૯

રાજુલામાં પત્ની સાથે સામાન્ય બોલાચાલી બાદ આવેશમાં આવીને એસિડ પી લેનાર યુવકનું ભાવનગર ખાતે સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું.મૃતકના પિતા નાનજીભાઈ કાનાભાઈ જોગદિયા (ઉ.વ.૫૭)એ પોલીસમાં આપેલી માહિતી મુજબ, તેમના પુત્ર શૈલેષભાઈ (ઉ.વ. ૩૦)ને પત્ની સાથે કોઈ બાબતે તકરાર થઈ હતી. બોલાચાલી બાદ પત્ની પોતાના દીકરાને લઈને પિયર જતી રહી હતી. પત્ની અને પુત્ર ચાલી જતાં શૈલેષને માઠું લાગી આવ્યું હતું અને આ આઘાતમાં તેણે એસિડ પી લીધું હતું.એસિડ પીધા બાદ તબિયત લથડતાં તેને તાત્કાલિક વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. એસ. બાબરીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી દ્વારા કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરાયું

**મુખ્ય વક્તા તરીકે પ્રવિણભાઈ તોગડીયા ખાસ હાજર રહેશે**

અમરેલી,તા.૨૯

અંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા રાષ્ટ્રીય બજરંગદળ અમરેલી દ્વારા કૃષ્ણ જન્મોત્સવ નિમિતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાશે. આ આયોજન ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ડો. જી.જે. ગજેર અને સૌરાષ્ટ્ર પ્રાંતના સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણના માર્ગદર્શન નીચે કરવામા આવ્યુ છે. ૦૧/૦૯/૨૦૨૬ મંગળવાર થી તા. ૦૫/૦૯/૨૦૨૬ શનિવાર સુધી ભવ્ય ફ્લોટનુ આયોજન કરાયું છે. તા. ૦૪/૦૯/૨૦૨૬ શુક્રવારના દિવસે સવારે ૮:૦૦ કલાકે રામેશ્વર મંદિર સરદારચોકથી શોભાયાત્રા નિકળીને સિનીયર સીટીઝન પાર્ક ફોરવર્ડ સ્કૂલ પાસે જશે. મુખ્ય વક્તા તરીકે ડો. પ્રવિણભાઈ તોગડીયા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનો સમય રાત્રિના ૮:૦૦ થી ૧૨:૩૦ સુધી રાખેલ છે. ધર્મપ્રેમી જનતાને આ પ્રસંગે પધારવા નિમંત્રણ આપવામા આવ્યુ છે.

# ધારીના કથીવદર ગામે ઝેરી દવા પીવાથી યુવકનું મૃત્યુ

ધારી, તા. ૨૯

ધારીના કથીવદર ગામે ઝેરી દવા પીવાથી એક યુવકનું મૃત્યુ થયું હતું. આ અંગે ગૌતમભાઈ બાવકુભાઈ ધાખડા (ઉ.વ.૨૪) એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ મહિપતભાઈ ઉર્ફે જયદીપભાઈ બાવકુભાઈ ધાખડા (ઉ.વ.૨૯) એ પોતાની મેળે ઝેરી દવા પી લેતાં તેમનું મૃત્યુ થયું હતું.

# બગસરાના હડાળા ગામે વીજ શોકથી રાજસ્થાની યુવકનું મોત

બગસરા, તા.૨૯

બગસરાના હડાળા ગામે વીજ શોકથી રાજસ્થાની યુવકનું મોત થયું હતું. બનાવ અંગે રાજસ્થાનના ઉદયપુરના વલ્લભનગર તાલુકાના ગલ્લા કી ભાગલ, અચલાના સારંગપુરા (કાનોર)ના રહેવાસી દેવીલાલ બાલુરામભાઈ મીણા (ઉ.વ. ૨૮)એ જાહેર કર્યા મુજબ, હડાળા ગામે રહેતા કમલેશભાઈ બાલુરામભાઈ મીણા (ઉ.વ. ૨૦)નું વીજશોક લાગવાથી મોત થયું હતું.













# જાફરાબાદમાં નાળિયેરી પૂનમ નિમિત્તે ભવ્ય દરિયા પૂજન કરાયું

**ખારવા સમાજના આગેવાનો, માછીમારો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા, દરિયાદેવ સમક્ષ પરિવારજનોની સલામતી માટે પ્રાર્થના**



તસવીર : બાબુભાઈ વાઢેળ

અમરેલી,તા.૨૯

જાફરાબાદના દરિયાકાંઠે નાળિયેરી પૂનમના પવિત્ર પર્વ નિમિત્તે માછીમાર સમાજ દ્વારા પરંપરાગત રીતે ભવ્ય દરિયા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખારવા સમાજના આગેવાનો, માછીમારો તેમજ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ દરિયાદેવની પૂજા-અર્ચના કરી હતી. દરિયા પૂજન દરમિયાન દૂધ, ફૂલહાર સહિતની પૂજાસામગ્રી અર્પણ કરી દરિયામાં નાળિયેર વધેરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલાઓએ પોતાના પિતા, પતિ અને પુત્રો દરિયો ખેડવા જાય ત્યારે તેમની સલામતી જળવાઈ રહે તેમજ દરિયાદેવની કૃપા સમગ્ર પરિવાર પર બની રહે તેવી ભાવભીની પ્રાર્થના કરી હતી. નાળિયેરી પૂનમ માછીમાર સમાજ માટે વિશેષ મહત્વ ધરાવે છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ માછીમારો સુરક્ષિત અને સુખદ માછીમારીની મોસમ માટે દરિયાદેવને પ્રાર્થના કરે છે. કાર્યક્રમથી દરિયાકાંઠે ભક્તિમય માહોલ છવાયો હતો.

# ખાંભાના ભાડ ગામની સીમમાં જુગાર રમતા ૫ ઈસમો રૂ. ૫૦,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

અમરેલી,તા.૨૯



અમરેલી એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે ખાંભા તાલુકાના ભાડ ગામની સીમમાં દરોડો પાડી જાહેરમાં ગંજીપત્તા વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા પાંચ ઈસમોને રોકડ રકમ તથા જુગાર સાહિત્ય મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેમની વિરુધ્ધ જુગાર ધારા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.એલ.સી.બી. પી.આઈ. સી.પી.વાઘેલાની રાહબરી હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. આ રેઈડ દરમિયાન પોલીસે (૧) ભીખુભાઈ અલીભાઈ ચૌહાણ (રહે. ખાંભા), (૨) હિંમતભાઈ ભીખુભાઈ વેગડ (રહે. ધારી), (૩) પ્રફુલભાઈ મનજીભાઈ સોલંકી (રહે. ખાંભા), (૪) અશ્વિનભાઈ ભીખુભાઈ બોડા (રહે. ધારી) અને (૫) સલીમભાઈ ઉર્ફે જારૂભાઈ ઉંમરભાઈ ઝાંખરા (રહે. બગોયા) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા ૫૦,૫૦૦/- તથા ગંજીપત્તાના ૫૨ પાના જપ્ત કર્યા છે.

# બગસરાના લુંઘીયા ગામે વાડીના રસ્તામાં મોટરસાઈકલ મૂકવા બાબતે યુવકને મૂઢ માર માર્યો

**ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

બગસરા, તા. ૨૯

બગસરાના લુંઘીયા ગામે વાડીના રસ્તામાં ×કેમ મોટરસાઈકલ મૂકી છે?× તેમ કહીને એક યુવકને મૂઢ માર મારવામાં આવ્યો હતો, તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.બનાવ સંદર્ભે ઉમેશભાઈ વાલજીભાઈ પટોળિયા (ઉં.વ.૩૯)એ વિપુલભાઈ ધીરૂભાઈ પટોળિયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાની વાડીએ પાણી વાળતા હતા ત્યારે આરોપી તેમની વાડીએ આવીને કહેવા લાગ્યો હતો કે, ×વાડીના રસ્તામાં કેમ મોટરસાઈકલ મૂકી છે?× તેમ કહી જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. તેમણે ગાળો બોલવાની ના પાડતાં આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે કાન, કમર તેમજ પગની પિંડીના ભાગે ઘા મારી મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# વડીયાના રાંદલના દડવા ગામે પુજારીને ગાળો બોલી ધમકી આપી

વડીયા, તા. ૨૯

વડીયાના રાંદલના દડવા ગામે પુજારીને ગાળો બોલી ધમકી આપવામાં આવી હતી. આ અંગે હરેશ પર્વત બળવંત પર્વત ગોસાઈ (ઉં.વ.૪૫)એ પ્રતાપ પર્વત ગોસાઈ તથા નિખિલભાઈ પ્રતાપ ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ૨૪-૦૮-૨૦૨૬ના રોજ રાંદલના દડવા ગામ ખાતે રાંદલ માતાજીના મંદિરે તેમની સેવા-પૂજાનો વારો ચાલતો હતો. આ દરમિયાન મંદિરમાં નાસિકના ભક્તો દ્વારા ૧૦૦૮ લોટાનું આયોજન રાખવામાં આવ્યું હોવાથી મંદિરને શણગારીને સુશોભિત કરવામાં આવ્યું હતું. આ બાબત બંને આરોપીઓને સારી ન લાગતાં તેમણે જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. બી.પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખાંભાના ઈંગોરાળા ભાડ ગામે પ્રેમીની અન્યત્ર સગાઈ થઈ જતાં યુવતીએ ઝેરી દવા પીધી

ખાંભા, તા. ૨૯

ખાંભા તાલુકાના ઈંગોરાળા ભાડ ગામે પ્રેમસંબંધમાં નિરાશા મળતાં એક યુવતીએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે.

હાલ યુવતીને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત અનુસાર, ઈંગોરાળા ભાડ ગામે રહેતી યુવતીને ગામના જ એક યુવક સાથે પ્રેમસંબંધ હતો. જોકે, તાજેતરમાં પ્રેમીની સગાઈ અન્ય યુવતી સાથે નક્કી થઈ જતાં યુવતીને મનમાં ભારે લાગી આવ્યું હતું અને તે આઘાતમાં સરી પડી હતી. આ બાબતનું માઠું લાગતાં તેણે આવેશમાં આવીને પોતાના ઘરે કપાસના પાકમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. દવા પીવાને કારણે તબિયત લથડતાં પરિવારે તાત્કાલિક તેણીને સારવાર માટે હોસ્પિટલે ખસેડી હતી.

આ બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ધાંધળ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલામાં બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

રાજુલા,તા.૨૯



રાજુલા શહેરમાં બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય દ્વારા રક્ષાબંધન પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત બ્રહ્માકુમારી બહેનોએ રાજુલા શહેર તેમજ આસપાસના વિવિધ સ્થળોએ જઈ રાખડી બાંધી હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ભાકોદર, પીપાવાવ ખાતેની વિવિધ કંપનીઓ અને સ્વાન ડિફેન્સ કંપની સહિતના સ્થળોએ મુખ્ય અધિકારીઓ તથા કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

# સા.કુંડલાના માનવ મંદિર આશ્રમમાં કોમી એકતાનું અનોખું ઉદાહરણ

સાવરકુંડલા,તા.૨૯


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમમાં છેલ્લા ૧૪ વર્ષથી રખડતી-ભટકતી અને નિરાધાર મનોરોગી બહેનોને વિનામૂલ્યે આશ્રય આપી પુનર્જીવન માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ભક્તિ બાપુની નિશ્રામાં ચાલતા આ આશ્રમમાં અત્યાર સુધીમાં ૧૩૫ બહેનો સાજી થઈ પોતાના પરિવાર સાથે પુનઃસ્થાપિત થઈ છે. અહીં ભારતભરના વિવિધ પ્રાંત અને જ્ઞાતિની બહેનો રહે છે તથા દરેક ધર્મને સ્વીકારી સેવા કરવામાં આવે છે. રક્ષાબંધનના પાવન પર્વે નાસીરભાઈ આશ્રમ ખાતે પહોંચ્યા હતા અને નિવાસ કરતી આશરે ૫૦ બહેનો પાસે રાખડી બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા. બહેનોમાં પણ દર વર્ષે નાસીરભાઈ રાખડી બંધાવવા આવશે તેવો અતૂટ વિશ્વાસ જોવા મળે છે. કોમી એકતાનું આ અનોખું ઉદાહરણ છેલ્લા ૧૦ વર્ષથી માનવ મંદિર આશ્રમમાં જોવા મળી રહ્યું છે.

# કુંકાવાવમાં ભવ્ય ધર્મસભાના આયોજન અંગે બેઠક યોજાઈ

કુંકાવાવ,તા.૨૯



કુંકાવાવ ખાતે તા. ૨૫ના રોજ બપોરે વિનુભાઈ સોનીના પેટ્રોલ પંપ ખાતે ડૉ. કિરીટકુમાર દેશાણી અને છગનભાઈ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ભુરખીયા હનુમાન દાદાના મંદિરે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ડૉ. પ્રવીણભાઈ તોગડિયાની ઉપસ્થિતિમાં યોજાનારી ભવ્ય ધર્મસભાના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ સ્થળનું નિરીક્ષણ કરી વિવિધ વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૪૮ | ૧૯૯૩ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૧૧૦૦ | ૧૩૦૬ |
| જુવાર લાલ | ૧૧૪૦ | ૧૧૪૦ |
| જુવાર પીળી | ૪૧૬ | ૫૬૦ |
| બાજરી | ૩૬૦ | ૪૭૬ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૫૦ |
| ચણા પીળા | ૧૦૦૧ | ૧૨૪૪ |
| ચણા સફેદ | ૧૨૩૧ | ૧૮૦૫ |
| અડદ | ૮૦૦ | ૧૦૦૦ |
| મગ | ૭૦૦ | ૧૫૧૧ |
| વાલ દેશી | ૬૦૦ | ૭૮૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૪૨૫ |
| વટાણા | ૬૦૦ | ૮૮૧ |
| રાજમા | ૧૭૭૫ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૧૬૫૫ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૩૩૦ | ૧૫૧૮ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૦૫ |
| તલી | ૨૦૫૦ | ૨૪૨૩ |
| એરંડા | ૧૩૧૧ | ૧૪૫૭ |
| અજમો | ૧૫૦૦ | ૨૯૦૦ |
| સોયાબીન | ૧૧૪૦ | ૧૨૫૦ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૮૦૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૫૬૫ |
| લસણ | ૧૦૬૦ | ૨૭૦૦ |
| ધાણા | ૨૭૩૦ | ૨૯૬૦ |
| ધાણી | ૨૮૦૦ | ૩૦૩૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૯૩૦ |
| રાય | ૧૩૬૦ | ૧૭૯૦ |
| મેથી | ૮૫૦ | ૧૭૬૦ |
| કલોંજી | ૩૪૦૦ | ૩૬૦૯ |
| રાયડો | ૧૨૬૦ | ૧૪૮૧ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૮૭૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૨૫ | ૧૨૯૨ |
| પપૈયા | ૨૦૫ | ૪૧૪ |
| બટેટા | ૮૨ | ૨૯૩ |
| ડુંગળી સુકી | ૪૫૦ | ૮૭૧ |
| ટમેટા | ૨૮૧ | ૪૯૦ |
| સુરણ | ૮૩૧ | ૧૦૨૬ |
| કોથમરી | ૯૫ | ૧૫૪ |
| મુળા | ૨૨૯ | ૪૧૭ |
| રીંગણા | ૨૫૪ | ૪૪૧ |
| કોબીજ | ૨૩૧ | ૩૨૪ |
| ફ્લાવર | ૨૦૭ | ૪૮૦ |
| ભીંડો | ૬૨૬ | ૮૩૧ |
| ગુવાર | ૮૧૪ | ૧૦૨૭ |
| ચોળાસીંગ | ૪૪૧ | ૬૨૨ |
| વાલોળ | ૭૨૭ | ૯૮૯ |
| ટીંડોળા | ૪૧૧ | ૭૩૨ |
| દુધી | ૨૪૧ | ૩૯૦ |
| કારેલા | ૨૧૮ | ૩૯૨ |
| સરગવો | ૬૧૭ | ૧૨૫૫ |
| તુરીયા | ૨૪૧ | ૪૧૭ |
| પરવર | ૮૦૫ | ૧૦૪૨ |
| કાકડી | ૩૧૪ | ૫૨૧ |
| ગાજર | ૩૦૫ | ૪૬૨ |
| વટાણા | ૧૦૪૮ | ૨૪૧૪ |
| કંટોળા | ૧૫૯૩ | ૨૦૬૨ |
| ગલકા | ૧૫૪ | ૩૦૨ |
| બીટ | ૩૧૧ | ૫૦૭ |
| મેથી | ૩૭૫ | ૬૦૭ |
| વાલ | ૮૨૧ | ૧૧૩૭ |
| ડુંગળી લીલી | ૭૪૧ | ૯૭૨ |
| આદુ | ૧૨૫૪ | ૨૯૩૩ |
| મરચા લીલા | ૩૯૨ | ૬૪૧ |
| મગફળી લીલી | ૬૧૧ | ૮૨૨ |
| મકાઇ લીલી | ૨૪૧ | ૪૪૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૬૧ | ૧૯૩૬ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૭૨૧ |
| મગફળી જીણી | ૧૧૬૧ | ૧૩૬૬ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૧૯૮૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૮૩૧ |
| એરંડા/એરંડી | ૧૧૦૦ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૩૯૭૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૧૧૧ |
| અડદ | ૬૦૧ | ૧૫૦૧ |
| તુવેર | ૯૫૧ | ૧૬૨૧ |
| રાય | ૧૦૨૧ | ૧૭૨૧ |
| મેથી | ૮૫૧ | ૧૫૦૧ |
| કાંગ | ૫૦૧ | ૭૭૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૬૧૧ |
| ધાણી | ૨૭૦૧ | ૩૧૬૧ |
| બાજરો | ૩૦૧ | ૪૪૧ |
| જુવાર | ૧૦૦૧ | ૧૬૦૧ |
| મકાઇ | ૨૦૦ | ૫૦૧ |
| મગ | ૭૫૧ | ૧૫૬૧ |
| વાલ | ૯૦૧ | ૧૧૬૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૩૪૧ |
| સોયાબીન | ૧૦૭૧ | ૧૧૫૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૮૦ | ૫૦૦ |
| દુધી | ૨૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૨૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૨૦ |
| ભીંડો | ૧૦૦ | ૭૨૦ |
| ગલકા | ૪૦ | ૨૪૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| અળવીપાન | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૦૦ | ૩૦૦ |
| વાલોર | ૨૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૬૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૩૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૦૯૫ |
| તલ સફેદ | ૧૩૫૫ | ૨૫૫૦ |
| તલ કાળા | ૧૧૯૦ | ૩૩૭૦ |
| બાજરો | ૩૩૦ | ૫૪૫ |
| જુવાર | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ઘઉં બંસી | ૫૪૫ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૬૦૫ |
| મગ | ૧૦૦૫ | ૧૫૪૦ |
| ચણા | ૯૮૦ | ૧૨૨૦ |
| ચણા દેશી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| તુવેર | ૧૦૯૦ | ૧૫૫૫ |
| કપાસ | ૧૧૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૨૬૫ | ૧૪૦૫ |
| જીરૂ | ૧૭૦૦ | ૩૪૩૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૧૫ |
| ધાણી | ૨૭૯૦ | ૨૯૭૦ |
| મેથી | ૧૨૧૫ | ૧૩૭૫ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૧૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૩૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૩૮૦ |
| શક્કરિયા | ૮૦૦ | ૧૨૧૦ |
| ટમેટા | ૪૩૦ | ૫૦૦ |
| સુરણ | ૯૩૦ | ૧૦૩૦ |
| ગાજર | ૫૦૦ | ૫૫૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૨૧૦ | ૩૨૦ |
| મૂળા | ૧૫૦ | ૨૨૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૨૪૩૦ | ૩૦૫૦ |
| ચોળા લીલાં | ૪૧૦ | ૪૯૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૯૦૦ |
| કંટોલા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૩૧૦ | ૨૫૨૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૮૦ | ૫૯૦ |
| સરગવો | ૮૫૦ | ૯૫૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૩૦ |
| લસણ સૂકું | ૧૬૩૦ | ૨૪૨૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ | ૩૨૦ | ૪૨૦ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૮૩૨ | ૧૯૫૦ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૭૦૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૫૦ |
| ઘઉં | ૪૮૬ | ૫૧૯ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૪૫ | ૧૮૫૧ |
| મગફળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ઘઉં | ૫૦૬ | ૫૦૬ |
| તુવેર | ૧૩૯૫ | ૧૩૯૫ |
| ધાણા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૩૪૦૧ | ૩૪૦૧ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| શીંગ દાણા | ૧૬૩૦ | ૧૯૧૫ |
| શીંગ ફાડા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| સોયાબીન | ૧૦૬૦ | ૧૦૬૦ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૦૪ |
| ઘઉં | ૪૮૦ | ૫૭૮ |
| અડદ | ૧૩૦૦ | ૧૮૪૧ |
| મગ | ૧૨૦૦ | ૧૫૧૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૧૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૪૮૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૮૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૭૦ | ૧૮૩૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૨૯ | ૫૪૩ |
| તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| તલ સફેદ | ૨૧૨૦ | ૨૧૨૦ |
| ચણા | ૧૦૯૫ | ૧૧૮૦ |
| સોયાબીન | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ધાણા | ૨૪૯૦ | ૨૬૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૮૦૦ | ૧૨૪૨ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૪૫ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૩૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૨ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૭ |
| જુવાર | ૬૦૦ | ૧૨૨૮ |
| મકાઈ | ---- | ૫૭૦ |
| મગ | ૧૩૬૫ | ---- |
| ચણા | ૧૧૮૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૮૦ |
| ધાણા | ૨૬૦૦ | ૨૯૯૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૩૫ |
| બાજરી | ૩૫૦ | ૪૦૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૯૩ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ચણા સફેદ | ૯૭૦ | ૧૪૮૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૨૧ |
| તલી | ૧૮૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૮૧૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૫૧૫ |
| રાય | ૧૬૧૦ | ૧૭૫૦ |
| લસણ | ૫૨૦ | ૨૨૫૫ |
| કપાસ | ૧૩૪૦ | ૧૯૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૭૫ |
| અજમો | ૧૬૦૦ | ૩૬૦૫ |
| અજમા ની ભુસી | ૫૦ | ૨૧૫૦ |
| ડુંગળી સુકી | ૪૪૫ | ૮૦૦ |
| ડુંગળી નાસિક | ૪૨૫ | ૧૦૨૦ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| વટાણા | ૫૦૦ | ૭૪૦ |
| કલોંજી | ૨૪૦૦ | ૩૪૬૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૫૯૬ | ૯૯૮ |
| બાજરી | ૪૧૧ | ૪૯૧ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૮૮ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૦૫૦ |
| મગ | ૬૭૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૪૬ |
| તલ કાળા | ૨૯૫૪ | ૩૨૩૨ |
| તુવેર | ૭૨૦ | ૯૨૫ |
| અજમા | ૧૮૬૦ | ૨૧૧૫ |
| ડુંગળી લાલ | ૮૨ | ૮૪૦ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૫૪૦ |
| નાળીયેર | ૫૦૦ | ૨૯૦૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૬૦૧ | ૨૮૫૦ |
| બાજરો | ૩૫૦ | ૪૪૧ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૫ |
| જુવાર | ૫૦૧ | ૧૨૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૮૯૦ | ૧૨૦૦ |
| ચણા | ૬૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૧૧૬૦ | ૧૧૬૦ |

# સરકાર અનામત વિરોધી આંદોલનકારીઓની વાત તો સાંભળે

**વિચાર વલોણું** — જયવંત પંડ્યા



રાષ્ટ્રીય જનતા દળનાં પ્રવક્તા કંચન યાદવ કહે છે કે "ઊંચી જાતિના લોકોને એ આધાર પર ફસાવવા જોઈએ કે તેમણે ક્યારેય ૯૦ ટકા એસસી, એસટી, ઓબીસીને તેમનો અધિકાર ન આપ્યો."

આ વિડિયો બતાવીને જાણીતા વિશ્લેષક આનંદ રંગનાથન કહે છે કે આ દેશમાં અન્યાય થાય છે, ભેદભાવ થાય છે, પરંતુ કોઈ કાયદો અન્યાયકારી ન હોવો જોઈએ. યુજીસીના સમાનતાના નિયમો અન્યાયપૂર્ણ છે. આ નિયમો બદલવા જોઈએ કારણકે

૧. જાતિ ભેદભાવના પીડિતની પરિભાષામાં સામાન્ય વર્ગનો સમાવેશ જ નથી.

૨. સમાનતા સમિતિની રચનામાં સામાન્ય વર્ગનો ઉલ્લેખ જ નથી.

૩. ખોટી ફરિયાદો કરનારાઓને સજા આપવાનો કોઈ નિયમ નથી.

કોઈ પણ કાયદો કેટલાક લોકોને ન્યાય કરે તેવું ન હોવું જોઈએ, તે બધાને ન્યાય કરતો હોવો જોઈએ. સારા કાયદાનો દુરુપયોગ થઈ શકે છે, તેમાં સારા કાયદાનો દોષ નથી. પરંતુ જો કાયદો જ ખરાબ હોય તો તેના દુરુપયોગ કરવાની આવશ્યકતા જ નથી, તમારે માત્ર તેનો ઉપયોગ જ કરવાનો રહે છે. અને કંચના જેવા લોકો આ જ કરવા માગે છે. ખોટા કેસ કરવાનું કહે છે અને આવું જ થશે. માર્ટિન લ્યુથર કિંગે કહ્યું હતું કે ક્યાંય પણ થઈ રહેલો અન્યાય બધી જગ્યાએ થઈ રહેલા ન્યાય માટે ભયરૂપ છે. નિરપરાધ લોકોને એ પાપની સજા દેવી, જે તેમણે પોતે નથી કર્યાં, તેનાથી અન્યાય સુધરી નહીં જાય, પરંતુ અન્યાય ચાલુ રહેશે.

ભારતમાં સ્વતંત્રતા સમયે ડૉ. આંબેડકર દ્વારા લખાયેલા સંવિધાન જેની સભામાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, કનૈયાલાલ મુનશી, અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર, એન. ગોપાલસ્વામી અયંગર, સી. રાજગોપાલાચારી સહિત કથિત ઉચ્ચ વર્ણના લોકો મોટી સંખ્યામાં હતા અને તેમાં અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ના લોકોને શિક્ષણ અને નોકરીમાં અનામત આપવામાં આવી પરંતુ ડૉ. આંબેડકરે તેને કેવળ દસ વર્ષ માટે રાખી હતી. તે પછી સત્તા માટે વિકાસ અને મૂળભૂત સમસ્યાઓનું નિવારણ- જેવા મુદ્દાના બદલે જાતિવાદ અને મઝહબ-રિલિજિયનવાદ હાવી રહેતાં, અનામત સતત ચાલુ રહી. તે મંડળ કમિશન અને બક્ષી પંચની ભલામણો સાથે વધીને ૪૯ ટકાએ પહોંચી ગઈ.

કાળક્રમે તેની માત્રા વધતી ગઈ. તમિળ નાડુમાં તો ૬૯ ટકા અનામત છે. તેમાંય પાછું એવો નિયમ કરાયો કે એસસી-એસટીની વ્યક્તિને તેમની જાતિના આધારે તો અનામત મળે જ પરંતુ તેમને સારા ગુણ હોય અને તેમને સામાન્ય વર્ગ સાથે મેરિટ પર પ્રવેશ/નોકરી મેળવવી હોય તો તે પણ મળી શકે. પછી પ્રમોશનમાં અનામત આવી. કૉંગ્રેસે તો કર્ણાટકમાં ખાનગી કંપનીઓમાં પણ અનામતનો ખરડો લાવ્યો હતો. પરંતુ ઔદ્યોગિક જૂથોએ વિરોધ કર્યો તેથી પીછેહટ કરવી પડી.

તાજેતરમાં ૨૧ ઑગસ્ટે જંતરમંતર પર અનામત વિરોધીઓએ પ્રદર્શન કર્યું તેથી ફરી આ આંદોલન સળવળ્યું છે. અનામત વિરોધી આંદોલન દેશ અને ગુજરાતમાં ક્યારે-ક્યારે થયું? ઈ. સ. ૧૯૮૫માં ગુજરાતમાં, ઓબીસીને ૨૭ ટકા અનામત ઈ. સ. ૧૯૯૦માં વી. પી. સિંહ સરકારે લાગુ કરી ત્યારે દેશભરમાં, ૨૦૧૫માં ગુજરાતમાં પાટીદારોનું આંદોલન. ૧૯૮૫નું આંદોલન બાદ કરો તો બાકીના બધાં આંદોલનો ઑગસ્ટ મહિનામાં જ થયાં છે ! ઑગસ્ટને અમસ્તો જ ક્રાંતિનો મહિનો નથી કહેવાતો. યોગાનુયોગ, મંડળ પંચની રચના મોરારજી દેસાઈ સરકારે ૧૯૭૭માં કરી હતી. એટલે કે એક બિન કૉંગ્રેસી સરકારે. જેમાં જનસંઘ જનતા પાર્ટીમાં વિલીન થઈને હતો. એ સરકારમાં ઓબીસી પ્રધાનોની સંખ્યા સારી એવી હતી. કૉંગ્રેસની સરકારો અને ધારાસભ્યોમાં બ્રાહ્મણ, વાણિયા અને ક્ષત્રિયોની બોલબાલા રહેતી હતી.

જનસંઘથી લઈને ભાજપનું વલણ સમરસતા માટે દલિતો-આદિવાસીઓ અને ઓબીસીની તરફેણનું પહેલેથી રહ્યું છે, પણ એ વિધિની વક્રતા જ ગણાય ને



કે તેની છાપ બ્રાહ્મણ, વાણિયાના પક્ષ તરીકે પડી ગઈ ! ૧૯૯૦માં જ્યારે મંડળ પંચની ભલામણોનો અમલ થયો ત્યારે પણ ભાજપ એક બહારથી સમર્થન આપનાર પક્ષ તરીકે હતો અને તેણે સરકારને ટેકો પાછો ખેંચ્યો તેનો મુદ્દો મંડળ પંચ નહોતો. તેનું કારણ એ હતું કે રામ રથયાત્રાને અટકાવી સમસ્તીપુરમાં લાલુપ્રસાદ યાદવે ભાજપ પ્રમુખ એલ. કે. અડવાણીની ધરપકડ કરી હતી.

ઉત્તર પ્રદેશમાં પ્રથમ વાર એક દલિત અને તે પણ મહિલા, માયાવતી મુખ્ય પ્રધાન બન્યાં તે ભાજપના ટેકાના કારણે.

મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા પછી દલિતો-આદિવાસીઓ-ઓબીસીને અનામત, અને એટ્રૉસિટી અધિનિયમ મુદ્દે તેનું વલણ સ્પષ્ટ રહ્યું છે. મોદી સરકારે ઈ. સ. ૨૦૧૫માં એક સુધારા દ્વારા એસ. સી. અને એસ. ટી.માં સૂચિબધ્ધ ચોક્કસ દંડપાત્ર ગુનાઓની સંખ્યા ૨૨થી વધારી ૪૭ કરી દીધી. રાષ્ટ્રપતિથી માંડીને પ્રધાનમંડળની રચનામાં જાતિઓનું વિશેષ ધ્યાન રખાવા લાગ્યું. પ્રધાનમંડળની રચના થાય તે પછી ભાજપ તરફથી જે અખબારી યાદી આવે તેમાં આ પ્રકારનું વર્ગીકરણ અપાવા લાગ્યું. આની પાછળ ૯૦ના દાયકામાં મંડળ પંચની ભલામણોના અમલ પછી જોર પકડેલું દલિત અને આદિવાસી રાજકારણ છે. તેના વિશે આ કૉલમમાં વિસ્તૃત આ લેખકે એકથી વધુ લેખાંકની શ્રેણી લખી હતી. તેથી તેનું પુનરાવર્તન નથી કરતો. ભાજપની સવર્ણના પક્ષની છાપને મિટાવવા માટે ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ મુખ્ય હિન્દુત્વ અને અંદર ખાને પાટીદાર-ઓબીસી રાજકારણ કર્યું અને પછી કેન્દ્રમાં પણ ઓબીસી-આદિવાસી-દલિત-મહિલા રાજકારણ કર્યું. ઓબીસી આયોગની રચના ૨૦૧૮માં મોદી સરકારે જ કરી. આમ ભલે 'સબ કા સાથ, સબ કા વિકાસ' સૂત્ર હતું પરંતુ વડા પ્રધાન મોદીજીનાં ભાષણો હોય કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનાં ભાષણો, એક વાક્ય અવશ્ય રહેતું : હમારી સરકાર દલિતો, પીછડો, જનજાતીય સમાજ, ગરીબો, શોષિતો, વંચિતો કી હૈ. ૨૦૧૮માં સર્વોચ્ચ ન્યાયાલયે એસસી-એસટી ઍક્ટની કઠોર અને દુરુપયોગ થતી જોગવાઈઓને ઢીલી કરી ત્યારે દલિતોનું આંદોલન થયું હતું. (તે પહેલાં ૨૦૧૬માં ગુજરાતના ઉનામાં દલિતોને નિર્દય રીતે માર મારવામાં આવ્યો હતો તેના લીધે દેશભરના દલિતોમાં રોષ વ્યાપ્યો હતો અને તે પછી ૨૦૧૭માં બરાબર ગુજરાતની ચૂંટણી પહેલાં શરૂ થયેલી બીબીસીની વેબસાઈટ સહિત અનેક સેક્યુલર મીડિયામાં ભાજપ શાસિત રાજ્યોમાં દલિતની સાચી-ખોટી ફરિયાદ થાય તો પ્રમુખ રીતે સમાચાર આવવા લાગ્યા. આની સામે રાજસ્થાન, પંજાબ, કેરળ, તમિળનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણામાં કૉંગ્રેસ કે અન્ય વિપક્ષી સરકારમાં મોટા પાયે દલિતોની ફરિયાદો થતી તેના સમાચારને અઘોષિત કટોકટીની જેમ દબાવી દેવાતા.

આથી ૨૦૧૮માં એટ્રૉસિટી અધિનિયમની જોગવાઈઓ ઢીલી કરવા સામે આંદોલન થયું ત્યારે મોદી સરકાર ઝૂકી ગઈ. આ જ કૉલમમાં ત્યારે (૧૬ સપ્ટેમ્બર ૨૦૧૮) આ લેખકે લખ્યું હતું કે આ મોદીની રાજીવ ગાંધીના શાહબાનો કેસ જેવી ક્ષણ છે.

સંઘ પ્રમુખ મોહન ભાગવતે ૨૦૧૫ની બિહાર ચૂંટણી પહેલાં નિવેદન કર્યું હતું કે અનામતની સમીક્ષા થવી જોઈએ કે કોને કેટલો લાભ મળ્યો. આ વાત દલિતો-આદિવાસીઓની પેટા જાતિઓ અંગે હતી, પરંતુ તેનો ખોટો અર્થ નીકળ્યો અને બિહારમાં એનડીએની સરકાર ન બની શકી. તે પછી તો સંઘ પ્રમુખનાં નિવેદન આવવા લાગ્યાં કે જ્યાં સુધી જેમને અનામતનો લાભ મળે છે તે એમ નહીં કહે કે હવે અમારે અનામત નથી જોઈતી અને જ્યાં સુધી સમાજમાં સામાજિક ભેદભાવ દૂર નહીં થાય ત્યાં સુધી અનામત ચાલુ રહે તેના અમે સમર્થક છીએ.

ત્યાં સુધી ભાજપ સમર્થક અને સવર્ણ એવા વર્ગમાં કોઈ મોટો ઉહાપોહ નહોતો, પરંતુ ૧૩ જાન્યુઆરી ૨૦૨૬એ વિશ્વ વિદ્યાલયો માટે યુજીસી સમાનતા નિયમો આવ્યા અને ઉહાપોહ શરૂ થયો. ઉપર લેખની શરૂઆતમાં જણાવ્યું તેવા મુદ્દે યુજીસીના સમાનતાના નિયમો અસમાનતા લાવનારા અને અન્યાયકારી હોવાથી જમણેરી લોકોએ વિરોધ શરૂ કર્યો. આ લેખકે ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના અંકમાં આ કૉલમમાં 'કોઈ જો અને તો' વગર જણાવ્યું હતું કે યુજીસીના આ નિયમો ભેદભાવવાળા છે.

જુલાઈમાં સીજેપીનું આંદોલન સફળ થતાં અનામત હટાવોની વાત કરતા આંદોલનકારીઓ ફરી સળવળ્યા. ૨૧ ઑગસ્ટે ૨૦૨૬એ જંતરમંતર પર એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યું અને ભાષણો થયાં. પરંતુ જે રીતે કૉકરોચ જનતા પાર્ટીના આંદોલનમાં પોલીસે કૂણું વલણ રાખ્યું તેવું અહીં ન થયું. આ આંદોલનને તરત જ ભાંગી નાખવા તેમની ધરપકડ-અટકાયતો થઈ.

આંદોલનકારીઓને તકલીફ એ વાતે પણ છે કે, એક તરફ, દલિતને જાતિસૂચક શબ્દ કહ્યા હોય કે ન કહ્યા હોય, તે કહે એટલે માની લેવામાં આવે છે કે કહ્યા જ હશે અને એટ્રૉસિટી કેસમાં ઉચ્ચ વર્ગની વ્યક્તિને જેલમાં જવું પડે છે, પરંતુ ઉચ્ચ વર્ગની જાતિઓ સામે કંઈ બોલવામાં આવે તો તેવું થતું નથી. તમિળનાડુમાં તો સ્વતંત્રતા પહેલાંથી પરંતુ દેશમાં છેલ્લાં પાંત્રીસેક વર્ષથી કાંશીરામ-માયાવતી, લાલુપ્રસાદ યાદવ ઈત્યાદિ નેતાઓ બ્રાહ્મણ-વાણિયા-રાજપૂતો વિરુદ્ધ 'તિલક તરાજુ ઔર તલવાર ઈન કો મારો જૂતે ચાર', 'ભૂરા બાલ સાફ કરો' જેવાં અત્યંત ઘૃણાસ્પદ સૂત્રો સાથે ઘૃણા ફેલાવતા હતા. ૨૦૧૬માં જેએનયુમાં ત્રાસવાદી અફઝલ ગુરુને શ્રધ્ધાંજલિના કાર્યક્રમમાં મનુવાદ સે આઝાદી, બ્રાહ્મણવાદ સે આઝાદી જેવાં સૂત્રો ડાબેરી ડફલી ગેંગે પોકાર્યાં, તે પછી જેએનયુની દીવાલો પર બ્રાહ્મણ વિરોધી સૂત્રો લખાવાં લાગ્યાં. ડૉ. આંબેડકરને ભગવાન માનનારો નવ બૌદ્ધ વર્ગ ઊભો થયો જે બ્રાહ્મણ સહિતની કથિત ઉચ્ચ જાતિઓને ગાળો આપવા લાગ્યો. બ્રાહ્મણ તેની દીકરીને દલિત સાથે પરણાવે તેવી માગ થવા લાગી ! તેમાં સામાન્ય તો ઠીક, પરંતુ મધ્ય પ્રદેશના આઈએએસ અધિકારી સંતોષ વર્માએ તો એમ કહીને હદ કરી નાખી કે જ્યાં સુધી બ્રાહ્મણ તેની દીકરીને મારા દીકરા સાથે પરણાવે નહીં કે તેની સાથે સંબંધ ન રાખવા દે." પરણવા સુધી તો હજુય સમજાય, પરંતુ આ સંબંધ રાખવા દેવા જેટલી નીચ વાત કરવાની?

એટ્રૉસિટી કેસ હેઠળ ફરિયાદોની સંખ્યા વધવા લાગી. ૨૦૨૩માં ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે પણ કહ્યું હતું કે સમાજમાં એટ્રૉસિટી અધિનિયમનો દુરુપયોગ અનિયંત્રિત રીતે થઈ રહ્યો છે. તેણે એટ્રૉસિટીના ગુનાઓમાં તપાસનીશ અધિકારીઓને ભારે બારીકાઈથી અને તટસ્થતાથી તપાસ માટે આદેશ આપ્યો હતો. રાજસ્થાનના એક દલિત આગેવાને એક પૉડકાસ્ટમાં સ્વીકાર્યું હતું કે કેટલાક દલિતો માટે એટ્રૉસિટી હેઠળ ફરિયાદ કરી તેના સમાધાન માટે તગડી રકમ પડાવવી એ વ્યવસાય બની ગયો છે.


આ બધા પર નિયંત્રણ ન મૂકાવાના કારણે બંને વર્ગો વચ્ચે ખાઈ વધતી જ ગઈ. આખાબોલા સ્વામી રામદેવે કહ્યું કે "જેમ એસસી-એસટી સમુદાયના લોકોનું અપમાન બંધારણની વિરુધ્ધ છે તેમ બ્રાહ્મણનું અપમાન પણ સંવિધાનની વિરુધ્ધ હોવું જોઈએ."

પ્રખર અનામત વિરોધી જમણેરી પત્રકાર-સૉશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર અજિત ભારતી સંશોધનાત્મક અને તથ્ય-આંકડા સાથે વાત કરવા જાણીતા છે. તેઓ કહે છે:

૧. એક ભાઈ પાંચસોમાંથી અગિયાર ગુણ લાવ્યા અને શિક્ષક નિયુક્ત થઈ ગયા. (દૈનિક ભાસ્કર) અજિત ભારતી કહે છે કે પરીક્ષા કેટલી અઘરી રહી હશે કે પાંચસોમાંથી ૧૧ માર્ક લાવનારાને પણ એને યોગ્ય માનવામાં આવ્યો કે તે ભણાવી શકે છે. ૨. નીટ-પીજીમાં આઠસોમાંથી કેવળ એક માર્ક (કેવળ એક) ગુણ મેળવનારને તેલંગાણામાં માસ્ટર ઈન ઑર્થોપેડિક્સમાં પ્રવેશ આપવામાં આવ્યો. (એનડીટીવી) પરંતુ તેને ન દેતા જે ૪૪૦ માર્ક લાવ્યા છે કારણકે તે ઉચ્ચ જ્ઞાતિનો છે. ૩. સારી વાત છે કે મોદીજીએ ઈડબ્લ્યુએસ (આર્થિક રીતે નબળો વર્ગ) માન્યું કે સામાન્ય વર્ગનાં બાળકો પણ ગરીબ હોય છે. એસસી, એસટી, ઓબીસીને ફૉર્મના પૈસા, હૉસ્ટેલની ફી, કૉર્સની ફીમાં સો ટકા છૂટ આપી, પરંતુ ઈડબ્લ્યુએસવાળાને પૂરી ફી ભરવી પડે છે. તેમ છતાં નાપાસ કોણ થાય છે, આટલી સબસિડી અને પૉઝિટિવ ડિસ્ક્રિમિનેશન પછી પણ? ('ધ હિન્દુ'ના સમાચાર કહે છે કે ૧૩,૫૦૦ એસસી, એસટી, ઓબીસી વિદ્યાર્થીઓએ છેલ્લાં પાંચ વર્ષમાં કેન્દ્રીય યુનિવર્સિટીઓ, આઈઆઈટી, આઈઆઈએમમાંથી અભ્યાસ છોડી દીધો છે, તેમ શિક્ષણ મંત્રાલય કહે છે.) ૪. ૨૦૧૬-૨૦૨૫ અવધિ માટેનો સમયગાળો બતાવે છે કે મીણા સમાજના લોકોનું તેમની જનસંખ્યાની સામે પ્રતિનિધિત્વ યુપીએસસીમાં ૧,૦૦૦ ટકા વધુ છે. પરંતુ સરકારમાં સાહસ છે કે તેમને આ સૂચિમાંથી બહાર કાઢી ભીલ અને આદિવાસીઓને આગળ કરી શકે? ના. અનામત વિરોધી આંદોલનના એક યુવાન નેતા તરીકે ઉભરી આવેલા તેજતર્રાર વક્તા આદિત્યરાજ સિંહ કહે છે, "મારી દષ્ટિએ આરક્ષણની આવશ્યકતા આ દેશમાં કોઈને નથી, સંરક્ષણની છે. સંરક્ષણ અને આરક્ષણમાં બહુ જ અંતર હોય છે. એક નાનકડો છોકરો દોડી નથી શકતો. આપણે પહેલાં તેને ચાલતા પણ શીખવાડીશું અને દોડવાનું પણ શીખવાડીશું. આ સંરક્ષણ થયું. આરક્ષણ એ થયું કે આપણે તેને કહી દઈએ કે તારે ક્યારેય ચાલવાની આવશ્યકતા જ નથી. તને સદા ખોળામાં રાખીશું. અને જો માબાપ બાળકનો હાથ નાનપણમાં ન પકડે તો દુર્ઘટના થઈ શકે છે અને મોટું થયા પછી પણ પકડી રાખે તો બાળક પપ્પુ બની શકે છે." સમય પાકી ગયો છે કે દલિતોને જાતિના નામે થતો અન્યાય પણ દૂર થાય, દલિતોની અંદરની જાતિને અનામતનો લાભ મળી તે ઉપર ઊઠે અને ઉપર ઊઠેલી જાતિ પોતે વિચારે કે ક્યાં સુધી અનામત મેળવી પોતાના જ બાંધવોના અધિકારો પર તરાપ મારીશું, સંઘ-ભાજપ પણ સીજેપી જેવા નવા પક્ષના દબાણમાં આવી જેન-ઝીની રટ લગાવવા લાગે છે તો પોતાના તરફી આ જમણેરી અનામત વિરોધી આંદોલનકારીઓની પણ વાત લક્ષમાં લે, તેમની પીડાને નાથવા યોગ્ય કાયદાકીય જોગવાઈઓ કરે. ■ jaywant.pandya@gmail.com

# અમારા જમાનામાં ટ્યુશન ક્લાસિસ કેમ નહોતા?

**હાસ્યાય નમઃ** — ડો. પ્રકાશ દવે ૯૫૭૪૩૭૪૪૫૩



(૧)અક્કલને અને ભેંસને શું લાગેવળગે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

અક્કલને એમ છે કે હું ભેંસ કરતાં મોટી છું. ભેંસને એમ છે કે હું અક્કલ કરતાં મોટી છું. નિર્ણય માણસ પર છોડવામાં આવ્યો છે.

(૨)નામ તેનો નાશ છે પણ જો નામ જ ના પાડીએ તો?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર), આધારકાર્ડવાળા ખીજાય!

(૩)દવાની ટીકડી વચ્ચે કેમ લીટી કરવામાં આવતી હશે?

ચાંદની મયંક ધાનાણી (અમદાવાદ)

એમ નથી. લીટીની આજુબાજુ ટીકડી કરવામાં આવે છે.

(૪)પ્રભુને ચડાવેલ પ્રસાદ વહેંચવામાં આવે છે; તો પ્રભુને ચડાવેલ પૈસા કેમ વહેચાતા નથી ? , કનુભાઈ પરમાર (દામનગર)

પૈસા ખાવાના બીજા ઘણા ઠેકાણા છે એટલે.

(૫)આ બધી ઉપાધિઓમાંથી બહાર કેમ નીકળવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

બહાર પણ ઉપાધિ જ છે. અંદર બેઠા રહો.

(૬)જમીનથી ભારે શું છે?,

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

હમણાં મારા ત્રાજવા ખોટવાઈ ગયા છે. તમે બાજુની કરિયાણાની દુકાને જઈને જોખાવી લોને!

(૭)એક જ તાકાના બે પીસમાંથી એકમાં (પત્ની) આપણે છેતરપિંડી થયાની ફરિયાદ કરીએ અને બીજો પીસ (સાળી)પ્રિય લાગે એવું કેમ?

મહેશ ઉપાધ્યાય (વડોદરા)

એવું એમ.

(૮)પ્રેમ તથા કાનૂન બંન્નેને આંધળા શા માટે કહેવાય છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ જિ.પંચમહાલ)

પેલા એ ચોખવટ કરો કે તમે આ બન્નેમાંથી શેમાં ફસાયા છો?!

(૯)થિયેટરમાં પેપ્સીને પોપકોર્ન જ કેમ મળે છે? ગાંઠિયા કેમ મળતા નથી?

ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ (મધવાસ મહીસાગર)

એકવખત હીરો ગુંડા પાછળ દોડવાનું પડતું મૂકી ને ગાંઠિયા ખાવા માંડ્યો હતો એટલે હવે થિયેટરમાં ગાંઠિયા બંધ કર્યા છે.

(૧૦)પ્રેમમાં પાગલ થવા માટે કયો કોર્સ કરવો જોઈએ?

નિધી પાંડોર લરાહી (અરવલ્લી)

આમાં તમે એ નથી કહ્યું કે કોના પ્રેમમાં પાગલ થવું છે?- માબાપના? ભાઈ બહેનના? પરિવારના? દેશના?!

(૧૧)મન ભરીને કેમ જીવાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

જીવ્યા કરો એટલે મન જાતે જ ભરાઈ જાશે.

(૧૨)સાહેબ! દારૂ શું શું કરાવે?

ધોરાજીયા ઘનશ્યામ એન.(સાજણટીંબા)

પીતા હોય આ પ્રશ્નનો જવાબ સારી રીતે આપી શકશે.

(૧૩)બા અને મા વચ્ચે ફરકનું વિવરણ આપશોજી.

બાલુભાઈ કિકાણી (લીલિયા)

બા અને મા વચ્ચેનો ફરક બતાવવાવાળા આપણે કોણ? હા એટલી ખબર છે કે બ-ને કાનો બા થાય અને મ-ને કાનો મા થાય.

(૧૪)વળ ખાય એને વળવાંગડુ કહેવાય તો બીજાને શું કહેવાય?

ધોરાજીયા ચંદ્રકાંત એન (સાજણટીંબા)

બીજું વળવાંગડું!

(૧૫)વરસાદ ઈંચમાં પડે છે પણ પાણી ફૂટમાં કેમ મપાય છે?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

ફૂટપટિયું છોકરાવના દફતરમાં મળી જાય. ઈંચપટિયુ ક્યાં ગોતવા જવી? ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# મનુસ્મૃતિ, વંદે માતરમ, કૉંગ્રેસ, સનાતન... એવું બધું

**રાજકીય રસધાર** — પ્રવીણ માધાણી



કોઈપણ ધર્મગ્રંથમાંથી અવતરણ ટાંકતા પહેલા તેનો અભ્યાસ કરી લેવો જરૂરી હોય છે. ભારતીય ધર્મદર્શન અને ધર્મગ્રંથો શાસ્ત્રાર્થના નીચોડ સ્વરૂપે પ્રગટ થયા છે. વેદથી ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર જેવી નિષ્કર્ષ પરંપરાની યાત્રા છે. તલસ્પર્શી અભ્યાસ કરીને દલીલોમાં ઉતારવાને શાસ્ત્રાર્થ કહેવામાં આવે છે, અભ્યાસ વિના થતી દલીલોને માથાકૂટ કહેવાય. નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીએ પુણે ખાતે છાત્રો કી ગુંજ કાર્યક્રમમાં ભારતના ધર્મશાસ્ત્રની સૌથી પ્રાચીન રચના મનુસ્મૃતિનો ઉલ્લેખ કરીને કહ્યું કે તેમાં મહિલાઓની આધિનતાની વાતો માત્ર છે. હિંદુ ધર્મનો આ ગ્રંથ પેટ્રીઆર્કી (પિતૃસત્તાત્મક) છે. અને એમના માનવા મુજબ આજે પણ હિંદુ સમુદાય મનુસ્મૃતિને અનુસરીને મહિલાઓને દબાવી રાખી રહ્યો છે, જે પીંજરું તોડીને મહિલાઓએ સ્વતંત્ર થવાની વાત એમણે કરી. મનુસ્મૃતિનો ઉલ્લેખ કરવાનો સાફ મતલબ એ થયો કે એમના માનવા મુજબ માત્ર હિંદુ મહિલાઓ પર આ અત્યાચાર થઈ રહ્યો છે. હિંદુઓ મહિલાઓની બાબતમાં માત્ર મનુસ્મૃતિને અનુસરે છે. બીજા સંપ્રદાયની મહિલાઓ સ્વતંત્રતાના પરિમાણ પર દુનિયામાં સૌથી આગળ છે. મહિલા સમુદાયની ચિંતા કરતા રાહુલ ગાંધીના પોતાના જ એક કાર્યક્રમમાં ઈટલીના મહિલા વડાપ્રધાન પર તેમના અને તેમના સાથીદાર દ્વારા અભદ્ર ટીપ્પણી અને મજાક દેશની જનતાએ તાજેતરમાં જ જોઈ છે. મહિલા સન્માન અંગે તેમના પક્ષ દ્વારા, ખાસ તો એમના દિવંગત પિતાશ્રી રાજીવ ગાંધી દ્વારા સુપ્રીમ કોર્ટના મુસ્લિમ મહિલાને ન્યાય અપાવતા ચુકાદાને સંસદમાં કાયદો પસાર કરીને ઉથલાવવાનો ઈતિહાસ પણ બહુ જુનો નથી. (શાહબાનો કેસ) એમના બહેન પ્રિયંકા વાડ્રા ગાંધીને બાવનમાં વર્ષે સંસદ સભ્યપદ મળ્યું, રાહુલ ગાંધીને ૨૦૦૪માં ૩૪ વર્ષની ઉંમરે મળી ગયું હતું. એ આડવાત છે કે આજે કોંગ્રેસમાં પણ છાને ખૂણે ચર્ચા થઈ રહી છે કે પ્રિયંકા ગાંધી રાહુલ ગાંધી કરતા વધુ પરિપક્વ છે. એમના શાસન હેઠળના કર્ણાટક રાજ્યના મંત્રીમંડળમાં મહિલાની સંખ્યા શૂન્ય છે. કદાચ કર્ણાટક એમની મહિલા સશક્તિકરણની વ્યાખ્યાથી બહાર છે. એમના માટે મહિલા અધિકાર અને સન્માન પોતાના ચશ્માથી જોવાથી જ સાફ દેખાય છે અને એ જ પરિપ્રેક્ષ્ય સાચો છે. હકીકત એ છે કે લગભગ કોઈ એવો હિંદુ નહિ હોય જે મુસ્લીમો જેમ કુરાનને અનુસરે છે તેમ મનુસ્મૃતિને અનુસરતો હોય.

ભારતનો કોઈ હિંદુ કોઈ ધાર્મિક પુસ્તકના આધાર માત્રથી નથી ચાલતો, એક આખી હિંદુ વિભાવનાથી ચાલે છે. બધા પુસ્તકોમાંથી જરૂરિયાતનું ગ્રહણ કરીને ચાલે છે. હિંદુ પુસ્તક આધારિત ધર્મ નથી. રાહુલ ગાંધી સનાતનને નીચો દેખાડવા કે હડધૂત કરવાનો એક પણ મોકો છોડતા નથી. એમની તાકાત નથી કે જે જ્ઞાન એમણે મનુસ્મૃતિનું દોહન કરીને સ્વમુખથી ઉચ્ચાર્યું છે એવું ક્રીશ્ચિયાનીટી કે ઈસ્લામના ધર્મગ્રંથોનું દોહન કરીને જાહેરમાં બોલી બતાવે, એ પ્રજા રાહુલ ગાંધીની શું દશા કરશે એ તેઓ બખૂબી જાણે છે, પણ એક વાત સાફ છે કે પોતાના હિંદુ વિરોધી માનસિકતા અને વલણને લઈને રાહુલ ગાંધીએ હિન્દુત્વનું મેદાન ભાજપ માટે સાફ કરી આપ્યું છે.

સંદર્ભને થોડો ઊંડો તપાસીએ તો ભારતમાં લગભગ બધા સર્વોચ્ચ પદો પર મહિલાઓને પ્રતિનિધિત્વ મળી ચુક્યું છે, હાલમાં પણ દેશના સર્વોચ્ચ પદ પર એક આદિવાસી મહિલા બિરાજમાન છે. જે દેશ સાથે તેઓ ભારતની સરખામણી કરીને દેશને નીચો દેખાડતા રહે છે એ અમેરિકામાં હજુ સુધી કોઈ મહિલા રાષ્ટ્રપ્રમુખ બન્યા નથી. અમેરિકા ૧૭૭૬માં આઝાદ થયો ત્યારબાદ લગભગ દોઢસો વર્ષ બાદ અમેરિકન સ્ત્રીઓને મતાધિકાર મળ્યો અને એ પણ લાંબી લડત બાદ. જયારે ભારતમાં મહિલાઓને અધિકાર પુરુષોની સાથે આઝાદી બાદ તુરંત મળ્યો. મનુસ્મૃતિ કહે છે કે સ્ત્રીઓને આર્થિક વહીવટમાં, વેદ અધ્યયનમાં, આધ્યાત્મિક કાર્યોમાં, ધાર્મિક અનુષ્ઠાન અને વિધિઓમાં, તથા પરિવારના પોષણ અને આરોગ્ય સંરક્ષણ જેવા અગત્યના કાર્યોમાં આગેવાન બનાવવી. આનાથી વિશેષ નારી સન્માન બીજું શું હોઈ શકે ?


બીજો મુદ્દો પૂર્ણ વંદેમાતરમ ગાવા અંગેનો છે. વંદેમાતરમના રચયિતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રામકૃષ્ણ પરમહંસના સમકાલીન અને તેમની નજીકના મિત્ર હતા. એમણે આનંદમઠની રચના કરી જેમાં વંદે માતરમનો સમાવેશ કરાયો હતો. આઝાદીની ચળવળો ત્યારે પૂર્ણ ચરમ પર હતી એટલે જોતજોતામાં વંદે માતરમ સમગ્ર દેશમાં રાષ્ટ્રવાદનું પ્રતીક બની ગયું. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે આ માટે ધૂન તૈયાર કરી અને વંદે માતરમની લોકપ્રિયતા ઝડપથી વધવા લાગી. વંદે માતરમ એ રચના છે જેનું ગાન કરતા કરતા ભારતના અનેકો નવલોહિયા માં ભોમની આઝાદી કાજે ફાંસીએ ચઢી ગયા હતા. આ એ ગીત હતું જેનું ગાન થતા અંગ્રેજોના પેટમાં ચૂંથારો ઉપડતો જે આજે ચોક્કસ પક્ષ અને વર્ગના પેટમાં ઉપડે છે. ગત પંદરમી ઓગસ્ટના રોજનું કોંગ્રેસ મુખ્યાલયનું એ દ્રશ્ય લાઈવ કેદ થઈ ગયું જયારે વંદેમાતરમના ત્રીજા પદનું ગાયન શરુ થયું અને કોંગ્રેસી આગેવાનોના ચહેરાઓ પર જે ભાવભંગિમાઓ પ્રગટી, એ આખા દેશની જનતાએ જોઈ. આવું જ વલણ વંદેમાતરમ માટે વર્ષો પહેલા મુસ્લિમ લીગ અને અંગ્રેજોએ લીધેલું. મુસ્લિમોનો તર્ક એક વખત સહિષ્ણુતાના નામે સ્વીકારી પણ લઈએ તો પણ કોંગ્રેસનો કોઈ તર્ક ગળે ઉતરે એમ નથી. એ દેશનો સૌથી જુનો રાજકીય પક્ષ છે, રાજકીય પક્ષ કોમી ન હોઈ શકે. કોઈ સમુદાયનું તૃષ્ટિકરણ એ પક્ષની વિચારધારા હોઈ શકે છે, પરંતુ એ વાજબી ઠેરવવા બીજા સમુદાયને ઠોકરો મારતી રહેવી રાજકીય ડહાપણ નથી. આઢાર ટકાને રાજી રાખવા બ્યાંસી ટકાની ખફગી વહોરી લેવી પણ રાજકીય ડહાપણ નથી. વંદેમાતરમ ન ગાવું એ તમારૂ અંગત મંતવ્ય કે ઈચ્છા હોય શકે છે, પણ એક રાજકીય પક્ષ તરીકે ન ગાવાની જીદ જાહેરમાં પ્રગટ કરવી પણ રાજકીય ડહાપણ નથી.

ક્વિક નોટ - यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः

यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः मनुस्मृति

જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે, ત્યાં દેવતા નિવાસ કરે છે. અને જ્યાં સ્ત્રીઓની પૂજા નથી થતી ત્યાં કરેલા બધા સારા કર્મો નિષ્ફળ થઈ જાય છે. ■ production@infiniumpharmachem.com

# લીલા પર્ણોમાં પીળી પાનખર....



લઘુનવલકથા



યોગેશ પંડયા

લલિત હજી શાળા તરફ જવા ઘરેથી નીકળતો હતો ત્યાં જ પોસ્ટમેન રસ્તામાં સામે મળ્યો. એ વાતથી બેખબર લલિત પોતાની ધૂનમાં જ હતો કે પોસ્ટમેને બૂમ પડી: 'સાહેબ....'

લલિત થંભી ગયો.

'પોસ્ટમેન નારણે એક ભૂખરૂ પરબીડીયુ લલિતના હાથમાં આપ્યું 'લો એક ટપાલ છે.....'

લલિતે એ ભૂખરૂ પરબીડીયું હાથમાં લીધુ. ઉપર 'ખાનગી' માર્કિંગ કરેલું હતુ. ઉપર જિલ્લા પંચાયત કચેરી, શિક્ષણ શાખા એવું સરનામુ હતુ. લલિત વિચારમાં પડી ગયો. 'બદલી થઇ કે શું ' એ વિચારે એ કંપી પણ ગયો. નારણ તો 'લો, આવજો સાહેબ.' કરતો ચાલી ગયો. પણ લલિતના મનમાં ફડકો ઘૂસી ગયો. તેણે વળતી સેકંડે જ એ પરબીડીયુ ફોડ્યુ. તો અંદરથી સાચ્ચે જ બદલીનો હુકમ નીકળ્યો. એક સાથે સાત શિક્ષકોની બદલી થઇ હતી. પોતાનું નામ તો કયાંય નથી ને ? એણે ઝડપથી જોઇ લીધુ: પણ તો પછી આ હુકમ ? ...

ફરતી ફરતી તેની નજર એક નામ પર પડી ગઇ: 'રમીલા કેશવલાલ કણસાગરા!'

'રમીલા!...'

લલિતના ચિદાકાશમાં જાણે વીજળી ખાબકી.

રમીલા અહી આવે છે ? મારી શાળામાં ? મારી સાથે ! મારા મદદનીશ બનીને ?

ભૂતકાળના ઘોડાપૂર તેના માનસપટ પર હમચી ખૂંદી રહ્યા. એ એક માહોલ હતો. પંદર વર્ષ પહેલા સણોસરાપુર લોક વિદ્યાલય સંકુલમાં બન્ને સાથે જ પી.ટી.સી.માં હતા. લલિત આમ તો ગરીબ કુટુંબમાંથી આવતો હતો. પણ તેનું વ્યકિતત્વ આકર્ષક હતુ. પહોળો સીનો, મર્દને શોભે એવુ શરીર, મોટી મ્હોફાડ, કાળા ભમ્મર વાંકડિયા ઝુલ્ફા, કોટા કાઢતી આછી આછી મૂછો, લીબુની ફાડ્ય જેવી આંખો અને તેની વાતવાતમાં ખડખડાટ હસવાની ટેવ અને બીજી વ્યકિતને સંમોહિત કરી દે એવી જબાન.

રમીલા, લલિતે ફેંકેલા ગૂગલી બોલમાં પહેલા જ દડામાં કલીન બોલ્ડ થઇ ગયેલી. અને લલિતેય બેખબર હતો ને રમીલાના હાથમાં કેચ થઇ ગયેલો. પણ એકબીજાને એની કયાં ખબર હતી?. લલિત આમ તો કામેકાજે થોડો આળસુય ખરો. એટલે બે ત્રણ દિવસ સુધી પોતાના કપડા ધુએ નહી. એક દિવસ ન છૂટકે ડોલમાં કપડાનાખીને એ સ્નાનગૃહ તરફ ગયો. જેમ તેમ કરીને કપડા છબછબાવીને ભાઇ બેઠા નહાવા. વખત કેટલો વહી ગયો એ ખબર ન રહી ખબર જયારે પડી ત્યારે થયુ કે માર્યા! સફાઇનો સમય થઇ ગયો છે. એ સ્નાનાગૃહમાંથી ઝડપથી બહાર આવ્યો કે ત્યાં દોરી ઉપર રમીલા તેના કપડા ધોઇને સૂકવી રહી હતી. લલિતને શું બોલવુ તે સમજાયુ નહી. એટલે રમીલાએ હસીને પૂછયુ: 'શું જુઓ છો ?

'તને...'

' નથી જોઇ ? '

'ઘણીવાર જોઇ છે પણ પહેલાના અને અત્યારના જોવામાં લાખગાડાનો ફેર છે. '

' તો એ ફેર ભાંગી નાખોને.' કહી હસી પડી. લલિત ગૂંચવાડામાં મૂકાઇ ગયો.

રમીલા ટહુકી: 'વાતુ કરવામાં તો બહુ હુંશિયાર છો. કામેકાજે એટલા નથી. મે જોયુ કે તમે 'હિસ્સો - હિસ્સો' કરીને કપડા ધોઇ નાખ્યા. પણ પછી જોયા'તા મેલના વળ ? મને થયું કે લાવ મારા ભેગા ભેગા તમારાય ધોકાવી નાખુ.'

'કપડા જ હોં રમીલા, હાડકા નહી:'

'વખત આવ્યે એ પણ ધોકાવી નાખીશ જો આમને આમ દિલ દગડાઇ કરી છે તો' કહી નીચલો હોઠ દબાવી ભાગી.

દિલની સિતાર ઉપર કોઇએ માસૂમ આંગળીઓ મુકી દીધી... ને સિતાર રણઝણી ઉઠી. કોઇ અજાણ્યુ ગીત લલિતના હોઠો ઉપર બજી ઉઠ્યુ...

હવે રમીલા એના શ્વાસની સરગમ ઉપર નૃત્ય કરી રહી હતી. રાત દિ, દિ-રાત રમીલા... રમીલાનું નામ રટતો લલિત ઉભરતી જુવાનીના ગાંડા વહેણમાં તણાતો રમીલા પાસે પહોંચી જતો હતો. કયારેક મનથી, કયારેક તનથી...

સણોસરાપુરના ઝાડવે ઝાડવા તેમની વચ્ચે અંકૂરાઇ રહેલા પ્રેમના સાક્ષી હતા. એક એક આંબા, રાયણ, દાડમડી, જાંબુડા, લીંબડા, કેસૂડા, ગૂલમહોર, લીબુડી, ચીકુડી, ઉંબરા અને ઉંબરા ઉપર બેઠેલ કોલયડી...

કોયલડી રમીલાની રૂમની બારી પાસે ઉભેલા આંબલીયાની ડાળે બેસીને બોલતીને રમીલા આંખો બંધ કરી જતી. બંધ આંખોમાં લલિતની મનોહર છબી ઉપસી આવતી. રમીલા, વાંચવાના અભ્યાસની ચોપડીને છાતી ઉપર દબાવી દેતી. અને છાતીની બૂલબૂલ ટહુકા કરતી હાંફતી રહેતી... ચોપડી ઉપર રમીલાના હાથની ભીંસ ઓર મજબૂત થઇ જતી પણ...

પણ એક દિવસ ન થવાનું થઇને રહ્યુ. એક વરસ લગી પાંગરતો પ્રેમનો અંકુર હવે છોડવો બની ગયો હતો. બન્ને પી.ટી.સી.ના બીજા વર્ષમાં આવ્યા હતા. અને આજ વરસે રમીલાના ગામમાંથી નારસંગ કરીને એક યુવક પી.ટી.સી.ના પહેલા વર્ષમાં દાખલ થયો હતો. હમણા હમણા લલિતે જોયુ હતુ કે નારસંગ, રમીલા તરફ બહુ ઢળતો જતો હતો. એક દિવસ લલિતે નારસંગને પૂછ્યુ: 'રમીલા તારે શું સગી થાય છે ? '

'મારા ગામની છે. મારી પાડોશમાં જ રહે છે.' અને એ મેટ્રીકમાં હતી ત્યારે હું તેનાથી એક ધોરણ પાછળ હતો. પણ અમે સાથે બેસીને બહુ 'વાંચતા . છુપ્પા છુપ્પી રમતા.કડબની ગંજીમાં તેને લઇને હું છુપાઇ જતો અને .એ મારામા છુપાઇ જતી. બહુ મજા આવતી'

' એ તને ગમે છે ? ' નારસંગ શરમાઇ ગયો: 'હવે આ ઉંમરે બીજુ શું હોય ? સમજી જાવને?' અને પછી કહે,'અહીયા સણોસરાપુર માં પી. ટી.સી.કરવાનું તેણે જ મને કહેલું.બાકી અહીયા શિક્ષક થવું હતું કોને? મારે તો ડોકટર થવું હતું.પણ રમીલા અહીયા હતી એટલે જ સ્તો હું આવ્યો..!'

લલિતના માનસપટ ઉપર ચણેલો ગઢ જાણે કડેડાટ કરતા પડ્યો બધું છિન્નભિન્ન થઇ ગયુ...

આજે આટલા વરસો બાદ રમીલા મળે છે. અને તે પણ આ શાળામાં પોતાની મદદનીશ બનીને આવે છે. કદાચ નારસંગ મુકવા આવશે. આખો દિવસ લલિતના ચિદાકશમાં આંધી ફૂંકાઇ રહી...

બીજે દિવસે સવારની દસની બસમાં એક સુટકેશ સાથે રમીલા ઉતરી. સીધી નિશાળે જ આવી. લલિત તેને તાકી રહ્યો. એ જ ચાલ, એજ છટા, એ જ દેખાવ, એ જ શરીર, એ જ ચહેરો.!!.

રમીલા સામે આવીને ઉભી રહી. લલિત હસીને બોલ્યો, 'આવો'

રમીલા તેની સામે તાકી રહી.

લલિત બોલ્યો,: ' ઓળખાણ પડે છે કે પછી ઓળખાણ પાડુ ? '

'આટલા વરસો પછી તમને મળુ છુ ત્યારે સ્મરણો સજાવવાને બદલે એ ઉંડા દર્દભીના સ્મરણોની ભેખડને ખોદીને મારા ઝખમ ઉપર દર્દનું નમક ભભરાવવાનો પ્રયત્ન શા માટે કરો છો ? ' રમીલાએ ઊંડા દર્દ સાથે કહ્યું.

'જખમ તો તમે ભભરાવવાનો પ્રયત્ન કર્યો હતો રમીલા! તમારી જબાન જુદી અને આંખ પણ જુદી હતી પણ હું તમારી દૂધ અને પાણી જેવી નિતિ અને રીતીને ઓળખી નહોતો શકયો'

'નાગચૂડ પ્રસારીને હળવેકથી છટકી જવાનું પારધીઓને ફાવતુ હોય છે એને ક્ષણિક આનંદ થાય છે ખરો ,પણ જાળમાં ફસાયેલા ભોળા પંખીનો આર્તનાદ એ પારધીની પાછલી જીંદગી ખાના ખરાબ કરી દે છે...'

'રમીલા, આટલા વરસે મળ્યા છતાય'

'છતાય કોણ જાણે કેમ મને જોઇને તમને આનંદ તો ન થયો પણ હું જાણે ગયા ભવની દુશ્મન હોઉ એવો વહેવાર કરવા મંડ્યા મે તમારી પાસે આવી અપેક્ષા નહોતી રાખી.'

' હું એમ પૂછુ છું કે તમે એકલા જ આવ્યા ? નારસંગ તમને મૂકવા ન આવ્યો ? '

'રમીલાના હાથમાંથી બેગ પડી ગઇ:' કોણ નારસંગ?

'આપણે પી.ટી.સી.ના બીજા વર્ષમાં હતા ને એ દાખલ થયેલો તમારા ગામનો જણ. તમને ચાહતો જણ. તમને ગમતો જણ...'

'તમારી ભૂલ થાય છે લલિત વૈષ્ણવ !'રમીલાનો ચહેરો તમતમી ઉઠ્યો: 'પહેલી વાત તો એ કે મે લગ્ન કર્યા જ નથી બીજુ એ કે એ મારા ગામનો હોવાને કારણે એ મારા માટે ધર્મના ભાઇથી વિશેષ કશું નહોતો. અને ત્રીજુ એ કે હું કોને ચાહતી હતી એ તમને ખબર છે ને વૈષ્ણવ ? મારી સ્વપ્ન સૃષ્ટિમાં પણ હું લલિત વૈષ્ણવ સિવાય કોઇને ચાહી શકી નથી. બોલો શું કહેવુ છે હવે તમારે ?

લલિત આંચકો ખાઇ ગયો: હેં?'

'મારી ભૂલ થઇ ગઇ' 'એવુ કહેવાની જરૂર નથી. ભલે તમે મને પ્રેમનો કોલ આપીને હિજરાતી રાખી. પણ મેય એવો નિર્ણય કરી લીધો છે કે તમારી જ નજર સામે રહીને હું તમને હિજરાતા રાખીશ. મે બદલી પણ એટલે જ કરાવી છે...'

'રમીલા... રમીલા. હું ભીંત ભૂલ્યો '

'તમે ભીંત નહી, માણસ તો ભૂલ્યા, માણસાઇ પણ ભૂલ્યા... કમ સે કમ મને નારસંગ વિશે એકવાર તો પૂછ્યુ હોત...'

લલિત કશુ બોલી ન શકયો. પણ આ વાતને હજી માંડ બે મહિલા થયા હશે ને એક દિવસ અચાનક લલિતની બદલીનો હુકમ આવ્યો. લલિત છૂટો થઇ ગયો. જતા પહેલા રમીલાને એક બંધ કવરમાં ચીઠ્ઠી આપતો ગયો. રમીલાએ એ ચીઠ્ઠી ખોલીને વાંચી. લખ્યુ હતુ.

રમીલા,

'પ્રિય' કહેવાનો અધિકાર તો મે ખોઇ નાખ્યો છે એ સિવાય મે ઘણુ બધુ ખોયુ છે. અત્યાર લગી હું ભ્રમમાં જીવતો હતો કે મારાથી છુટીને તે મને હિજરાતો રાખ્યો. પણ તુ તો મારાથી પણ ઉંચે ચડી ગઇ. એકવાર તને મળી લીધુ હોત તો... પણ તો પછી કશુ આશ્વાસન નથી. પણ હવે હું તને મારી સગી નજરોએ જોઇ શકતો નથી. ભલે તુ ટ્રાન્સફર કરાવીને અહીં આવી પણ કેટલીક બાબતો સહન ન થતા હું જ ટ્રાન્સફર કરાવીને ચાલ્યો જાઉ છુ. આપણા ભૂતકાળના પ્રેમના સોગંદ, હવે મારી પાછળ તુ આવતી નહી નહીંતર....

-લલિત.! ■

# ત્યારે મહેશ તો એક એક ડગલું માંડ માંડ ભરી શકતો હતો




ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

''સાચું...'' દામલે કહ્યું એટલે વળી શાંતુ બોલી: ''તમે નિરાંતે આરામ કરો. ઘણા બધા દિવસથી ઘર બંધ હતું એટલે હું ઘર વાળીને પછી પોતું પણ કરી નાખું. પહેલાં આટલું કર્યા પછી જ બીજા કામની સૂઝ પડશે...''

''તારી વાત સાચી છે, એમ જ કર. જે ને બધે જ ધૂળના થર જામ્યા છે...''

શાંતુ ઊભી થઈને સફાઈના કામમાં લાગી ગઈ. બધા જ રૂમમાં વાળી-ચોળીને સાફ-સફાઈ કરતાં દોઢ કલાકનો સમય વીતી ગયો. ક્યારેક ક્યારેક દામલ કામ કરતી શાંતુને જોતો ત્યારે તેને ખૂબ જ ગર્વ થતો. થતું હતું કે, સવારથી લઈ સાંજ સુધી શાંતુ તો બસ... કામ...કામ...ને કામ કર્યા જ કરે છે. તે જરાયણ થાકતી જ નથી. કામ કરવાથી તે ક્યારેય કંટાળતી પણ નથી.

આમ સાંજના છ થયા. બધું જ કામ પૂરું થઈ ગયું હતું. ઘરના દરેક રૂમ સાવ સ્વચ્છ થઈ ગયા પછી દામલ પાસે સોફા પર બેસતાં શાંતુ બોલી:

'હવે આ ઘર જેવું લાગે છે, મને નિરાંત થઈ, જુઓ બધું કામ થઈ ગયું. પંદર દિવસ આપણે કમળાપુર રહ્યાં ત્યાં બધાં ભેગાં બેસીને ખાતાં. ત્યારે કેવું બધું ભર્યું ભર્યું લાગતું હતું. અને હવે આજે આપણે અહીં આપણાં ઘરમાં ફક્ત બે જ છીએ, કેવું એકલું એકલું લાગે છે નહીં...?' આવું સાંભળતાં દામલે તરત જ કહ્યું :

'હા શાંતુ, તારી વાત એકદમ સાચી છે. આપણા પડોશીઓ, સરપંચ સાહેબ તથા મિત્રો અને બધા જ્ઞાતિજનોના આશીર્વાદથી આપણું આવડું મોટું દુ:ખ ઘણું ઓછું થઈ ગયું છે. જો આ બધાનો સહારો અને આશ્વાસન ન મળ્યાં હોત તો આપણું શું થાત...?'

'એટલે જ તો આપણે બધા સાથે સંપને રહીએ છીએ. બીજું, કોઈના પણ દુ:ખમાં સહભાગી થઈ ભાગ લઈએ તે તો ખૂબ પુણ્યનું કામ છે...'

આમ આગળ વાતો કરતાં હતાં ત્યાં જ મહેશ ડેલીમાં દાખલ પણ ચૂક્યો. પરંતુ આ શું...? દામલ અને શાંતુ તો મહેશની હાલત જોઈને સોફામાંથી સફાળા ઊભા થઈ ગયાં. ને દામલે તો ઝડપથી મહેશને પૂછી લીધું : 'અરે મહેશ...! તને શું થયું...? આમ એકાએક...'

ત્યારે મહેશ તો એક એક ડગલું માંડ માંડ ભરી શકતો હતો. તેની આવી દશા જોઈ દામલે વળી પૂછ્યું હતું. અને થોડા સમય પછી મહેશ ડેલા પાસેથી બેઠક રૂમમાં સોફા સુધી માંડ માંડ પહોંચ્યો. સોફા પર બેસતાં એક ઊંડો શ્વાસ ભરી તે બોલ્યો :

'સર..., તમે કમળાપુર ગયા પછી બરાબર સાતમે દિવસે અચાનક સવારે ઊઠ્યો ત્યારથી મને આવું થઈ ગયું છે. એ રાતે ઊંઘમાં મને કંઈક ઝાટકા જેવું આવ્યું. પછી તો માંડ માંડ હું ઊભો થઈ શક્યો. જેમ તેમ કરી ઓફિસે પણ માંડ માંડ હું પહોંચ્યો. ત્રણ-ચાર દિવસ આવું રહ્યું. અહીંના આર.એમ.પી. પાસે જઈ દવા પણ લીધી. એટલે ચોથા-પાંચમાં દિવસે થોડું સારું થયું. એમ પછી તો ઘણું સારું હતું. પરંતુ વળી પાછું ત્રણ દિવસ પહેલાં ફરી પાછું ધીમે ધીમે હતું તેવું થયું. બધા સ્નાયુઓમાં ખૂબ એટલે કે અતિશય દુખાવો થાય છે. આવું શાના લીધે થયું, શું કામ થયું તેની મને પોતાને જ કંઈ ખબર પડતી નથી. હવે હું ખૂબ જ કંટાળી ગયો છું. એટલે તો આજે જ મેં ઘરે સમાચાર મોકલ્યા. હવે સહન નથી થતું. પપ્પા-મમ્મી કાલે જ મને લેવા માટે ગાડી લઈને આવશે. પછી શહેરમાં કોઈ સારા ડોક્ટરને બતાવીશું...'

ત્યારે દામલ તો મહેશનું આવું કહેવું સાંભળી ખરેખર છંછેડાઈ ગયો. આવો જુવાન છોકરો જે કૂદતો ને ઠેકડા મારતો ને ઝડપી ચાલ ચાલતો જ જોવા મળે તેની વળી આવી લાચાર દશા...? આવું વિચારતાં વિચારતાં તેની નજર શાંતુ પર સ્થિર થઈ. એ ઘડી શાંતુની આંખમાંથી આંસુ નીકળતાં દામલે જોયાં. આમ પોતાની પત્નિને આંસુ સારતી જોઈ દામલને સાચે જ એક મોટો આંચકો લાગ્યો. તેને મનોમન થયું કે, એક અન્ય જ્ઞાતિના જુવાન છોકરા પ્રત્યે આટલી બધી કોમળ લાગણી...? ને લાગણીમાં આટલાં બધાં આંસુ પણ વહી શકે ખરા...?

'તારાં મમ્મી-પપ્પા કાલે જ આવવાના છે...?' દામલે પૂછ્યું.

'હા... સર! તમે પણ અહીં હતા નહીં એટલે પછી મારે શું કરવું...?'

'સારું..., ભલે આવે. સારા સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને બતાવવું જ પડે. વહેલી સારવાર કરવાથી બધું સારું થઈ જાય છે. વધારે સમય આવા રોગમાં માથું મારીને બેસી ન રહેવાય.'

(ક્રમશ:) ■

# દ્વારિકાધીશની ધજાનો પડછાયો સૌરાષ્ટ્રના લોકહૈયે પડે છે



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

સાંજ પડે અને કૃષ્ણને ઘરે આવતા થોડી વાર લાગે એટલે યશોદા વ્યાકુળ થઈ જાય છે. દોડીને નંદરાણી ઘરની બહાર આવે છે અને શેરીઓમાં જોવા લાગે છે. એમ કરતા કરતા એ ગામને પાદરે, યમુના કિનારે ઊંચા ઓટલે ઊભી રહીને દૂર પશ્ચિમ તરફ જુએ છે. સૂર્ય ઢળવા આવ્યો છે. છેવટે ક્ષિતિજ પર એને ધૂળ ઉડતી દેખાય છે, એ ગોધૂલિ છે. સાંજના ઉજાસમાં એ ગોધૂલિની વચ્ચે એક મોરપિચ્છ દેખાય છે અને યશોદા આનંદથી બ્હાવરી બની જાય છે. યશોદાના દરેક શ્વાસમાં એક જ શબ્દ છે... મારો લાલો... મારો કાનો...! જ્યારે કૃષ્ણ વનરાવનમાં સવારે ગાયો ચરાવવા જાય છે ત્યારે ગૌમાતાની સાથે સૂક્ષ્મ અર્થમાં તો સ્વમાતા યશોદા પણ હોય છે, કારણ કે યશોદા હોય છે તો ગોકુળમાં પરંતુ એનું ચિત્ત કૃષ્ણની સાથે સાથે ગતિ કરતું રહે છે. સંસારની દરેક માતા એક અર્થમાં યશોદા જ છે. પોતાના સંતાનો સાથે માતાનું હૃદય જોડાયેલું હોય છે. યશોદા આપણી સંસ્કૃતિમાં માતૃત્વની પરાકાષ્ઠા છે. માતા તો દરેક એક સરખી હોય છે. કોઈ બે માતા વચ્ચે તુલના ન થઈ શકે, કારણ કે જનની તો જનની છે. પરંતુ સંસ્કૃતિએ જનની દેવકીર્ના તુલનામાં પાલક માતા યશોદાનો વિશેષ મહિમા કર્યો છે. દેવકીએ કૃષ્ણને જન્મ આપ્યો છે, અપાર યાતનાઓ સહન કરીને જન્મ આપ્યો છે અને યશોદાએ કૃષ્ણને ઉછેર્યો છે. યશોદા જાણતી નથી કે આ બાળકની એ પાલક માતા છે.

કૃષ્ણનું બાળપણ નટખટ છે. એની ફરિયાદો પણ સતત રહે છે. શ્રીમદ્ ભાગવતમાં મહત્ત્વનો ભાગતો કૃષ્ણલીલાનો જ છે. અનેક પ્રકારની લીલાઓથી કૃષ્ણનો પ્રારંભિક જીવનકાળ આનંદ અને ઉત્સાહની ધારામાં વહેતો રહ્યો છે. એક મહાન થવા નીકળેલા બાળકના ઉછેરની એટલી જ મહાન જ્ઞાનપોથી ભાગવત લોકોના હાથમાં મૂકી છે. આજકાલ દરેક માતા અને પિતાને સાવ છાનામાના પડ્યા રહે એવા અને ટાઢા ટબુકલા જેવા સંતાનો જ ગમે છે. દરેક માતા ઈચ્છે છે કે મારુ બાળક મને મારુ તમામ ઘરકામ શાંતિથી કરવા દે અને હું રમાડું ત્યારે રમે અને જમાડું ત્યારે જમે ! જરા પણ તોફાન ન કરે ! આવા જે વાલીઓ છે તે ખરેખર તો નંદ અને યશોદા શત્રુઓ છે. કારણ કે એવી પદ્ધતિથી તો કંસ કે જરાસંઘનું જ નિર્માણ થઈ શકે. કૃષ્ણનું નિર્માણ કરવા માટે શરુઆતથીજ બાળકને પૂર્ણ સ્વતંત્રતાની આબોહવા મળવી જોઈએ. જે માતા-પિતા પોતાના સંતાનોને તેમના ઉછેર માટેનું સ્વતંત્ર આકાશ આપી શકતા નથી તેઓ આવનારી પેઢીઓના મોટા અપરાધી છે. કૃષ્ણ તોફાની છે અને દરેક તોફાનના બદલામાં એને નાનો-મોટો ઠપકો કે સજા પણ મળે છે. પરંતુ સાથોસાથ નંદ-યશોદા અને આખું ગોકુળ ગામ એને નવા-નવા તોફાનો કરવાનો ભરપૂર અવકાશ આપે છે. કૃષ્ણ પર થયેલા તોફાનો માટે ઠપકો આપવાની વ્યવસ્થા છે પરંતુ એ કોઈ નવા તોફાનો કરી જ ન શકે એવા કોઈ બંધનો ગોકુળની ધરતી અને આકાશમાં નથી. કૃષ્ણએ ચોતરફથી સંપૂર્ણ મુક્તિનો અનુભવ કર્યો છે. ગોકુળમાં અને વૃંદાવનમાં તેણે ભરપૂર મુક્તિ માણી છે, એટલે જ એ મુક્તિ આપનારો બન્યો છે. જેને પોતાને મુક્તિનો અનુભવ નથી એ બીજાને તો સ્વતંત્રતા શી રીતે આપી શકે ? જેઓ સ્વયં મુક્તિનો અનુભવ લે છે તેઓ બીજાઓને મુક્તિ આપી શકે છે. કૃષ્ણને સતત મુક્તિનો અનુભવ આપવામાં નંદ અને યશોદાએ વર્ષો સુધી અદ્ધર જીવે અને ઊભા પગે જિંદગી પસાર કરી છે. ઘરમાં કૃષ્ણ પગલા થયા પછી એક રાત પણ યશોદા જંપીને સુતા નથી. જે માતા-પિતા પોતાનું સંપૂર્ણ જીવન પોતાના શિશુને સમર્પિત કરી દે છે અને દરેક ક્ષણ ઘર આંગણે અવતરેલા આનંદ પર ન્યોછાવર કરે છે તેઓ જ કૃષ્ણ જેવા પરમતત્ત્વને પોતાની આસપાસ રમતા પામે છે. ગોકુળમાં કૃષ્ણને નંદ-યશોદા ઉપરાંત સમગ્ર ગ્રામ જગતનું વ્હાલ પ્રાપ્ત થયું છે. ઉપરાંત ગોવાળોની તોફાની ટોળકીનો સંગાથ પણ મળ્યો છે. કાન્હાના સાથીઓમાં ગોપ અને ગોપીઓ બંને છે. એ ગોપીઓમાં એક છે રાધિકા. સર્વે ગોપીઓમાં રાધાની ભક્તિ અનોખી છે, એનો નિસ્વાર્થ પ્રેમ છે. એ જ તો કારણ છે કે કૃષ્ણ રાધાની સાથે શબ્દોથી નહિ, વાંસળીથી વાત કરે છે. રાધાના પ્રેમના અભિષેકમાંથી કૃષ્ણ નિવૃત્ત થઈ શકતા નથી એટલે એક વાક્ય પણ ઉચ્ચારવામાં માટે તેવો પ્રવૃત્ત થઈ શકતા નથી. રાધા અને કૃષ્ણના પ્રેમનો સેતુ રચાય છે વનરાવનમાં નિરંતર વાગતી વાંસળીના સ્વર પર. જે કૃષ્ણ ભવિષ્યમાં કુરુક્ષેત્રના યુદ્ધના મેદાનમાં સિદ્ધાંત સ્વરૂપનું દીર્ઘ વ્યાખ્યાન કહેવાય એવી ગીતાનો ઉચ્ચાર કરવાના હતા એ જ કૃષ્ણ રાધા સામે માત્ર એક બંસરી હોઠ પર મૂકીને અનંત વાતો કરી શકે છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# યુપી-બિહાર સહિત ચાર રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરાયું

નવી દિલ્હી, તા. ૨૯



ઉત્તર પ્રદેશ, બિહાર સહિત દેશના ચાર રાજ્યોમાં હવામાન વિભાગે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર પ્રદેશના ૪૭ શહેરોમાં વાવાઝોડા સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઓડિશાના ત્રણ જિલ્લાઓમાં ૬૭ હજારથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે. હવામાન વિભાગે રાજ્યના ઉત્તરીય અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી કરી છે, જેના કારણે પૂર જેવી સ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા છે. બિહારમાં ગંગા અને ગંડક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. રાજ્યમાં ૫૦ હજારથી વધુ ઘરો પાણીમાં ડૂબી ગયા છે. બીજી તરફ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે ૬૭ રસ્તાઓ બંધ છે. રાજસ્થાનમાં ચોમાસા બાદ શુક્રવાર એવો પ્રથમ દિવસ રહ્યો, જ્યારે રાજ્યમાં ક્યાંય વરસાદ નોંધાયો નહોતો. અલવર સહિત ૧૫ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું હતું.

# ગોળ, દૂધ, ડુંગળીથી સીએનજીના ભાવમાં વધારો થતા સામાન્ય માણસનું બજેટ ખોરવાયું

નવીદિલ્હી, તા. ૨૯



મોંઘવારીએ ફરી એકવાર સામાન્ય માણસના ખિસ્સા પર ભાર વધાર્યો છે. દૈનિક જીવનમાં ઉપયોગી દૂધ, ડુંગળી, ગોળ અને સીએનજીના ભાવમાં વધારો થતાં ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું છે. દિલ્હી-એનસીઆરમાં ઇન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડે સીએનજીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ.૩.૮૯નો વધારો કર્યો છે. નવા ભાવ શનિવારથી અમલમાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એલએનજીના ભાવ વધતા સીએનજી મોંઘું થયું હોવાનું કંપનીએ જણાવ્યું છે.મહારાષ્ટ્રમાં ૧ સપ્ટેમ્બરથી દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૯નો વધારો થવાની શક્યતા છે. બીજી તરફ પંજાબ અને હરિયાણામાં ગોળના ભાવમાં છેલ્લા એક મહિનામાં પ્રતિ કિલો રૂ.૨૫થી રૂ.૫૦ સુધીનો વધારો થયો છે. મહારાષ્ટ્રમાં ડુંગળીના ભાવ પણ સતત વધી રહ્યા છે. મુંબઈના જથ્થાબંધ બજારમાં ડુંગળીનો ભાવ રૂ.૪૮ પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે, જ્યારે છૂટક બજારમાં તે રૂ.૬૦થી રૂ.૬૫ સુધી પહોંચવાની શક્યતા છે. જોકે, ખાંડના એક્સ-મિલ ભાવમાં આશરે ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.

# કોંગી નેતા સોનિયા ગાંધીનું પુસ્તક પ્રકાશિત કરવાનો પેંગ્વિન રેન્ડમ હાઉસનો ઇનકાર

નવી દિલ્હી, તા. ૨૯

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના પુસ્તક 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'ના પ્રકાશનને લઈને વિવાદ સર્જાયો છે. પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયાએ પુસ્તક પ્રકાશિત કરવાનો ઇનકાર કર્યો હોવાનું સામે આવ્યું છે. અહેવાલ મુજબ પ્રકાશકે પુસ્તકના કેટલાક ભાગોમાં સંપાદકીય ફેરફારો કરવા અને ચોક્કસ ફકરા દૂર કરવાની માંગ કરી હતી. જોકે, સોનિયા ગાંધીએ આ માંગ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ત્યારબાદ પ્રકાશકે પુસ્તકનું પ્રકાશન ન કરવાનો નિર્ણય લીધો.

પુસ્તકનું પ્રકાશન મૂળ ૧૦ નવેમ્બરે થવાનું હતું. આ આત્મકથામાં સોનિયા ગાંધીના ઇટાલીમાં બાળપણથી લઈને ભારતના જીવન, રાજીવ ગાંધી સાથેના લગ્ન અને રાજકીય સફર સહિતના પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે.

# ઉર્જામંત્રી કૌશિક વેકરિયાના હસ્તે રાજકોટમાં ત્રણ વીજ સબ ડિવિઝન કચેરીનું લોકાર્પણ

રાજકોટ,તા.૨૯



રાજકોટમાં PGVCL તથા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો)ના વિવિધ વિકાસ પ્રકલ્પોનું આજે ૨૯ ઓગસ્ટે રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શહેરના પેડક રોડ પર આવેલા અટલ બિહારી વાજપાઈ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નવી સુવિધાઓ જનતાને સમર્પિત કરવામાં આવી હતી. ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, બેડીનાકા, માધાપર અને મોટામવાની નવી સબ ડિવિઝન ઓફિસોના નિર્માણથી અંદાજે સવા લાખ વીજ ગ્રાહકોને સીધો લાભ મળશે. અગાઉ બેડીનાકા સબ ડિવિઝન કચેરી પોપટપરા નાળા પાસે કાર્યરત હતી, જ્યાં ૩૯,૪૦૦ ગ્રાહકો હતા. માધાપર સબ ડિવિઝન કચેરી જયુબેલી શાક માર્કેટ પાસે હતી અને તેના હેઠળ ૪૪,૫૦૦ ગ્રાહકો હતા. હવે બેડીનાકા અને માધાપરની કચેરીઓ માધાપર ચોકડી પાસેના નવા બિલ્ડિંગમાં કાર્યરત કરવામાં આવતા વીજ પુરવઠા સંબંધિત પ્રશ્નોનું એક જ સ્થળેથી વધુ સરળતાથી અને ઝડપથી નિરાકરણ આવી શકશે.

# છત્તીસગઢ સરકારમાં ૧૮ અધિકારીઓને મંત્રી દરજ્જો

રાયપુર, તા. ૨૯

છત્તીસગઢ સરકારે વિવિધ બોર્ડ, કોર્પોરેશન અને આયોગના અધ્યક્ષો તથા ઉપાધ્યક્ષો સહિત ૧૮ અધિકારીઓને મંત્રી સ્તરનો દરજ્જો આપ્યો છે.

સામાન્ય વહીવટ વિભાગના આદેશ મુજબ ત્રણ અધિકારીઓને કેબિનેટ મંત્રી અને ૧૫ને રાજ્યમંત્રીનો દરજ્જો અપાયો છે. રામલાલ ચૌહાણ, રૂપસિંહ માંડવી અને ડો. મમતા સાહુને કેબિનેટ મંત્રીનો દરજ્જો મળ્યો છે. જ્યારે ગૌરીશંકર શ્રીવાસ, આનંદ નિષાદ, રાજેશ કુમાર રાજપૂત, રાજેન્દ્ર નાયક અને સુધીર ગૌતમ સહિતના અધિકારીઓને રાજ્યમંત્રીનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ આદેશ ૨૭ ઓગસ્ટથી અમલમાં આવ્યો છે. મંત્રી દરજ્જા સાથે વાહન, સુરક્ષા, રહેઠાણ અને સ્ટાફ સહિતની સુવિધાઓ પણ મળશે.

# ઈમરાન ખાનને પાકિસ્તાન સરકાર મારી નાખવા માંગે છે: પુત્રોનો ગંભીર આરોપ

**૨૩ કલાકથી વધુ સમય એકાંતમાં રાખવાનો દાવો, નિષ્પક્ષ તબીબી તપાસની પણ માંગ**

ઇસ્લામાબાદ, તા. ૨૯



જેલમાં બંધ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનના સ્વાસ્થ્યને લઈને ફરી હોબાળો મચ્યો છે. દરમિયાન તેમના પુત્રો સુલેમાન અને કાસિમે પાકિસ્તાન સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે. સ્કાય સ્પોર્ટ્સને આપેલા એક ઇન્ટરવ્યુમાં બંનેએ દાવો કર્યો હતો કે સરકાર તેમના પિતાને લાંબા સમય સુધી જેલમાં રાખવા અને તેમનો અવાજ દબાવવા માંગે છે. કાસિમે કહ્યું કે ઇમરાન ખાનને દિવસમાં ૨૩ કલાકથી વધુ સમય એકાંતમાં રાખવામાં આવે છે અને તેમની સ્થિતિ અગાઉ કરતાં વધુ ખરાબ છે.સુલેમાને ઇમરાન ખાનની નિષ્પક્ષ તબીબી તપાસ કરાવવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે ખાનને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ તેમની ચિંતા વધી હતી. બંને પુત્રોએ જણાવ્યું કે તેઓ ૨૦૨૨થી પિતાને રૂબરૂ મળ્યા નથી અને આ વર્ષે માર્ચમાં છેલ્લી વખત ફોન પર વાત થઈ હતી. તેમના જણાવ્યા મુજબ, ઇમરાન ખાનને મળવા માટે તેમને વિઝા પણ આપવામાં આવ્યા નથી.

# વેનેઝુએલા સાથે ૬૫ અબજ બેરલ તેલનો કરાર કરતા રાષ્ટ્રપતિ ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૨૯



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલા સાથે વિશ્વ ઇતિહાસનો સૌથી મોટો તેલ સોદો થયો હોવાનો દાવો કર્યો છે.

ટ્રમ્પના જણાવ્યા મુજબ, અમેરિકી સરકાર અને ખાનગી કંપનીઓએ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલથી વધુ સાબિત તેલ ભંડાર પર બહુમતી નિયંત્રણ મેળવ્યું છે. તેમણે કહ્યું કે આ કરારથી અમેરિકાને ક્રૂડ ઓઇલનો પુરવઠો વધારવામાં મદદ મળશે અને પેટ્રોલ તથા ગેસના ભાવમાં ઘટાડો થઈ શકે છે. ટ્રમ્પે વધુમાં દાવો કર્યો કે આ સોદા માટે અમેરિકન કરદાતાના નાણાંનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. વેનેઝુએલા પાસે અંદાજે ૩૦૩ અબજ બેરલનું ક્રૂડ તેલ ભંડાર છે, જે વિશ્વના કુલ ભંડારના આશરે ૧૭ ટકા જેટલું છે. જોકે, નબળી માળખાકીય સુવિધાઓ અને ઉત્પાદન ક્ષમતાના અભાવે વેનેઝુએલા વિશ્વના કુલ તેલ ઉત્પાદનનો માત્ર આશરે એક ટકા હિસ્સો જ ધરાવે છે.

# પત્ની પર હુમલો કરનાર લાઠીના યુવકે ટ્રેન નીચે પડતું મૂકી કરી આત્મહત્યા

લાઠી,તા.૨૯



અમદાવાદના નિકોલ વિસ્તારમાં પત્ની પર હુમલો કરવાના બનાવને પગલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. લાઠી ખોડિયારનગર રેલવે સ્ટેશન સામે રહેતા ભાવેશભાઈ દેવાભાઈ બારૈયા વિરુદ્ધ તેમની પત્ની રેખાબેન દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદ મુજબ છેલ્લા કેટલાક સમયથી દંપતી વચ્ચે ઘરેલું બાબતે બોલાચાલી થતી હતી. જેથી રેખાબેન અમદાવાદ રહેતા તેમના બહેનના ઘરે જતા રહ્યા હતા. તા. ૨૮ ઓગસ્ટના રોજ સવારે આશરે ૫:૧૫થી ૫:૩૦ દરમિયાન ભાવેશભાઈએ અમદાવાદ ખાતે પત્ની પર ધારદાર હથિયાર વડે હુમલો કર્યો હતો. બનાવમાં રેખાબેનને ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન આરોપી ભાવેશભાઈએ ઢસા પાસે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી હતી.સમગ્ર મામલે નિકોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનાના મોઠા ગામે ઈદ-એ-મિલાદુન નબીની ઉજવણી

ઉના,તા.૨૯



ઉના તાલુકાના મોઠા ગામે ઈદ-એ-મિલાદુન નબી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. પર્વ નિમિત્તે ડીજેના તાલે ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યું હતું. ગામના ચોકથી શરૂ થયેલું જુલૂસ વિવિધ વિસ્તારોમાં ફરી રાવલ નદી કાંઠે આવેલી અલ્લા વન શહીદ પીર બાબાની દરગાહે પહોંચ્યું હતું. દરગાહે ચાદર ચડાવી સલાતો સલામ પઢી દેશ-દુનિયામાં શાંતિ, એકતા અને ભાઈચારા માટે દુઆ કરાઈ હતી. જુલૂસ દરમિયાન હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ એકબીજાને ગળે મળી ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ બાદ ગ્રામજનો માટે સમૂહ ભોજનનું આયોજન કરાયું હતું.

# ઉનાના નાંદરખ ગામે વહેલી સવારે સિંહે હુમલા કરતા વૃધ્ધ ઈજાગ્રસ્ત

ઉના,તા.૨૯


તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના તાલુકાના નાંદરખ ગામના ઉત્તરવાડી વિસ્તારમાં આજે વહેલી સવારે ઘરની ઓસરીમાં સૂતેલા ૭૦ વર્ષના વૃધ્ધ ભૂપતભાઈ ગોહિલ પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. સિંહે ભૂપતભાઈને સાથળના ભાગેથી પકડી ફળિયામાં પછાડ્યા હતા. જોકે, ભૂપતભાઈએ હિંમત દાખવી હાકલો કરતા સિંહ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા વૃધ્ધને તાત્કાલિક સારવાર માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નાંદરખના વાડી વિસ્તારમાં છેલ્લા છ દિવસમાં સિંહના હુમલાની આ બીજી ઘટના બનતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટનાને પગલે વાડી વિસ્તારમાં લોકોમાં ચિંતા જોવા મળી રહી છે.

# કોડિયા ગામની ઘટનાને લઈ હિન્દુ સમાજમાં રોષ સાથે આવેદન પાઠવ્યું

**વિવિધ સંગઠનો દ્વારા ગીર ગઢડા ખાતે સરકારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું**

ઉના,તા.૨૯



કોડિયા ગામે ગૌમાતા સાથે કથિત અમાનવીય વર્તનની ઘટનાને લઈ હિન્દુ સમાજમાં રોષ જોવા મળ્યો હતો. ઘટનાના વિરોધમાં હિન્દુ યુવા સંગઠન-ભારત સહિત શિવસેના, ગૌ રક્ષક દળ અને રાષ્ટ્રીય બજરંગ દળ સહિતના વિવિધ સંગઠનો દ્વારા ગીર ગઢડા ખાતે સરકારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે સનાતન હિન્દુ સમાજ માટે ગૌવંશ આસ્થાનું પ્રતિક છે. ગૌમાતા સાથે થતા અત્યાચાર તેમજ ગૌવંશની હત્યા જેવી ઘટનાઓ અટકાવવા સરકાર દ્વારા કડક પગલાં લેવા જરૂરી છે. જવાબદાર વ્યક્તિઓ સામે કોઈપણ ભેદભાવ વિના કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. તેમજ કોડિયા ગામની ઘટનાની યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા અને ગૌવંશની સુરક્ષા માટે અસરકારક વ્યવસ્થા ઊભી કરવાની રજૂઆત કરાઈ હતી.

# અરણેજની કસ્તુરબા બાલિકા વિદ્યાલય ખાતે પોક્સો એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**જાતીય હિંસાથી બાળકોને કાયદાકીય રક્ષણ મળે તે માટે કાયદો બનાવવામાં આવ્યો છે.**

વેરાવળ,તા.૨૯


તસવીર : ધર્મેશ પાઠક

વેરાવળના જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા અરણેજ સ્થિત કસ્તુરબા બાલિકા વિદ્યાલય ખાતે વિદ્યાર્થિનીઓમાં બાળકોના હક્કો, સુરક્ષા અને કાયદાકીય જાગૃતિ વધારવાના હેતુથી પોક્સો એક્ટ, ૨૦૧૨ (Protection of Children from Sexual Offences Act, ૨૦૧૨) અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થિનીઓને આ કાયદાની મુખ્ય જોગવાઈઓ અંગે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. બાળકો સાથે થતી જાતીય સતામણી, જાતીય શોષણ અને જાતીય હિંસાથી બાળકોને કાયદાકીય રક્ષણ મળે તે માટે આ કાયદો બનાવવામાં આવ્યો છે. આ તકે કોડીનાર કોર્ટના પીએલવી પ્રકાશ જે.મકવાણા, દિવ્યાબેન જે. મકવાણા વોર્ડન કમ હેડ ટીચર રંજન પરમાર, સહાયક વોર્ડન કંચનબેન વાળા હાજર રહ્યા હતા.

# રાજયમાં વરસાદ ખેંચાતા ચાર દિવસમાં વીજળીની માંગમાં ૩,૨૫૯ મેગાવોટનો વધારો

અમદાવાદ, તા.૨૯



ગુજરાતમાં ચોમાસા દરમિયાન વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતા વધી છે. રાજ્યમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું હોવા છતાં પૂરતો વરસાદ ન પડતાં ગરમી અને ઉકળાટ યથાવત રહેવાની શક્યતા છે. આગામી દિવસોમાં કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની સંભાવના છે, પરંતુ ખેતીની જરૂરિયાત મુજબ વરસાદ ન પડે તો પાક પર અસર થઈ શકે છે. વાદળછાયા વાતાવરણ અને ભેજના પ્રમાણમાં વધારાને કારણે લોકોને ગરમી કરતાં વધુ બફારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૩થી ૩૪ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.વરસાદ ખેંચાતા અને ગરમી-ઉકળાટ યથાવત રહેતાં વીજળીની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. માત્ર ચાર દિવસમાં રાજ્યની વીજ માંગમાં ૩,૨૫૯ મેગાવોટનો વધારો નોંધાયો છે. જો વરસાદમાં વધુ વિલંબ થાય અને ગરમી યથાવત રહે તો વીજળીની માંગ ૨૯,૫૦૦ મેગાવોટ સુધી પહોંચી શકે છે.

# રાજય સરકારનો મહત્વનો નિર્ણય : ૮૯૨૫ માછીમારોને ૧૦૦% સરકારી સહાય મળશે

ગાંધીનગર, તા.૨૯



ગુજરાતમાં દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને સીફૂડ નિકાસને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા માછીમારીની જાળમાં ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ (TED) લગાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ રાજ્યના ૮,૯૨૫ માછીમારોને ૧૦૦ ટકા સરકારી સહાયથી TED આપવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૨૦.૯૬ કરોડનો ખર્ચ થશે. મત્સ્યોદ્યોગ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે TEDના ઉપયોગથી માછીમારી દરમિયાન કાચબા જેવા મોટા દરિયાઈ જીવોને જાળમાંથી બહાર નીકળવાનો સુરક્ષિત માર્ગ મળશે. પરિણામે કાચબાના મૃત્યુદરમાં ઘટાડો થશે અને દરિયાઈ પર્યાવરણનું સંરક્ષણ થશે. આ સાધનનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય માપદંડોને અનુરૂપ હોવાથી ભારતીય ઝીંગાની નિકાસને પણ લાભ થવાની આશા છે. ખાસ કરીને અમેરિકા સહિતના આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ માટે જરૂરી પ્રમાણપત્ર મેળવવામાં સરળતા રહેશે.

# ગાંધીનગર મહાનગર પાલિકા ચૂંટણી પહેલાં કોંગ્રેસમાંથી ૧૬૭ દાવેદારોએ ટિકીટ માંગી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને કોંગ્રેસે તૈયારીઓ તેજ કરી છે. પક્ષે ૧૩થી ૧૯ ઓગસ્ટ દરમિયાન ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો પાસેથી ફોર્મ મંગાવ્યા હતા. મનપાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે કોંગ્રેસને કુલ ૧૬૭ ફોર્મ મળ્યાં છે. વોર્ડ નં. ૬માંથી સૌથી વધુ ૨૭ દાવેદારોએ ટિકિટ માંગી છે. કોંગ્રેસે સેક્ટર-૨૨ સ્થિત શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા શરૂ કરી છે. ૧૬૭માંથી ૧૩૭ દાવેદારોને સેન્સ માટે બોલાવવામાં આવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસની ચાર સભ્યોની સમિતિ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષ હવે યોગ્ય ઉમેદવારોની પસંદગી પર ભાર મૂકી રહ્યો છે.

# પાવાગઢની તર્જ પર બહુચરાજી ધામનો ભવ્ય કાયાકલ્પ રૂ. ૭૬.૫૧ કરોડના પ્રોજેક્ટનું ૬૦ ટકા કામ પૂર્ણ

ગાંધીનગર, તા.૨૯



ગુજરાતના પ્રસિધ્ધ શક્તિપીઠ બહુચરાજી માતાજીના મંદિરનો ભવ્ય વિકાસ પ્રોજેક્ટ ઝડપથી આકાર લઈ રહ્યો છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંદાજે રૂ. ૭૬.૫૧ કરોડના ખર્ચે હાથ ધરાયેલા પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું આશરે ૬૦ ટકા કામ પૂર્ણ થયું છે. સોમનાથ, દ્વારકા, પાવાગઢ અને અંબાજીની તર્જ પર બહુચરાજી ધામને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવાની કામગીરી ચાલી રહી છે. નવા મંદિરનું નિર્માણ રાજસ્થાનના બંસી પહાડપુરના લાલ પથ્થરથી થશે. મંદિરના શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઈંચ રાખવામાં આવી છે. ગૂઢમંડપ, નૃત્યમંડપ, પ્રવેશદ્વાર અને સ્તંભો પર સુંદર કોતરણી કરવામાં આવશે. આગામી તબક્કામાં મંદિરની આસપાસના ૫૦૦ મીટર વિસ્તારમાં સર્વાંગી વિકાસ સાથે ઐતિહાસિક બાંધલિયા તળાવનું બ્યુટિફિકેશન, વોક-વે અને ગાર્ડનિંગની સુવિધા વિકસાવાશે.

# રાજકોટમાં ચાર વર્ષથી ચાલતી ડુપ્લિકેટ તમાકુ ફેક્ટરી ઝડપાઈ

રાજકોટ, તા.૨૬

રાજકોટમાં એસઓજી પોલીસે લાતી પ્લોટમાંથી ડુપ્લિકેટ તમાકુ બનાવતી ગેરકાયદે ફેક્ટરી ઝડપી પાડી બે સગા ભાઈઓની ધરપકડ કરી છે. બાતમીના આધારે કુવાડવા રોડ, લાતી પ્લોટ શેરી નં. ૧૧માં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે હિરેન કાંતીલાલ સોનેજી અને રાજુ કાંતીલાલ સોનેજીને ઝડપી લીધા હતા. ફેક્ટરીમાંથી ૪૦ કિલો ખુલ્લી તમાકુ, વિવિધ બ્રાન્ડના પેકેટો, ૧૫૦ લીટર પેરાફીન ઓઈલ, સુગંધિત પરફ્યુમ, ગ્રાઈન્ડર મશીન, ઈલેક્ટ્રિક મોટર સહિતનો લાખોનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. તપાસમાં બંને ભાઈઓ કાચી તમાકુમાં વિવિધ કેમિકલ અને સુગંધિત પદાર્થો ભેળવી બ્રાન્ડેડ તમાકુ જેવી બનાવી ઓછા ભાવે વેચતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે ફેક્ટરી સીલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં પત્નીને તેડવા આવેલા પતિ પર ૪ સાળાઓએ હુમલો કરી પતાવી દીધો

અમદાવાદ, તા.૨૯




અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં કૌટુંબિક વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કરતાં પતિની હત્યાની ઘટના સામે આવી છે. રિસાઈને પિયર ગયેલી પત્નીને પરત તેડવા આવેલા પતિ પર તેના બે સગા સાળા અને બે પિતરાઈ સાળાએ હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. બળીયાદેવ મંદિર નજીક સમાધાનની વાતચીત દરમિયાન વિવાદ વકરતાં ચારેય શખ્સોએ લાકડીઓ અને તીક્ષ્ણ હથિયારો વડે પતિ પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં અમરાઈવાડી પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ચાર આરોપીઓની ઓળખ થઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, બે ફરાર આરોપીઓને ઝડપી પાડવા શોધખોળ હાથ ધરાઈ છે.

# બાંદ્રા-ભુજ ટ્રેનના એસી કોચમાંથી દારૂની હેરાફેરી કરતા ત્રણ બુટલેગરો ઝડપાયા

ભુજ, તા.૨૯



બાંદ્રા ટર્મિનસથી ભુજ જઈ રહેલી ૦૯૦૩૭ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનના થર્ડ એસી કોચમાંથી દારૂનો મોટો જથ્થો મળી આવતા રેલવે સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. વાપી બાદ મુસાફરોને સીટ નીચે બિનવારસી બેગો નજરે પડતાં શંકા ગઈ હતી. તપાસ કરતાં બેગોમાં વિદેશી દારૂની બોટલો, બિયરના કેન અને ક્વાર્ટર મળી આવ્યા હતા. મુસાફરોએ સતર્કતા દાખવી કોચના અન્ય ભાગોમાં તપાસ કરતાં ૧૦થી વધુ પેટીઓ, બેગ અને પ્લાસ્ટિકની કોથળીઓમાંથી પણ દારૂ મળી આવ્યો હતો. દરમિયાન ત્રણ શખ્સોએ ભાગવાનો પ્રયાસ કરતાં મુસાફરોએ તેમને ઘેરી પકડી લીધા હતા. જોકે, ભીડનો લાભ લઈને અન્ય બે શખ્સો ફરાર થઈ ગયા હતા. ટ્રેન સુરત પહોંચતાં મુસાફરોએ ત્રણેય આરોપીઓને આરપીએફ અને જીઆરપીને સોંપ્યા હતા. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી પાંચેય વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ પાંચ અલગ-અલગ એફઆઈઆર નોંધી હોવાનું જાણવા મળ્યું છે.

# ગઢડાના ઉગામેડી ગામે આડા સબંધની શંકામાં યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

ભાવનગર, તા.૨૯



બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઉગામેડી ગામે આડા સંબંધની શંકામાં એક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા ચકચાર મચી છે. ભીમદાડ ગામના દિનેશભાઈ લાખાભાઈ સાગઠીયાને એક પરિણીત મહિલા સાથે પ્રેમસંબંધ હોવાની શંકા તેના પતિ છનાભાઈ પરમારને હતી. આ મુદ્દે છનાભાઈએ દિનેશભાઈનો પીછો કરી ઉગામેડી ગામે તેમને ઘેરી લીધા હતા અને તીક્ષ્ણ છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે દિનેશભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આરોપીએ પોતાની પત્ની પર પણ છરીથી હુમલો કરી ઈજા પહોંચાડી હોવાનો પોલીસનો દાવો છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી છનાભાઈ પરમારને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં જેલમાં બંધ આરોપીનું હથિયાર નેટવર્ક ઝડપાયું, ૩ આરોપી પકડાયા

રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેર પોલીસની પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (PCB)એ ગેરકાયદેસર હથિયારોના નેટવર્કનો પર્દાફાશ કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે શરૂઆતમાં બે દેશી બનાવટની પિસ્તોલ અને ૧૧ જીવતા કારતૂસ સાથે યાકુબ મામટી અને અરબાઝ કાજીની ધરપકડ કરી હતી. પૂછપરછમાં આ હથિયારો અમદાવાદ મધ્યસ્થ જેલમાં હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલા અકીલ વલીભાઈ સૈયદે આપ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે અકીલ સૈયદને કબજામાં લઈ પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન તેની કબૂલાતના આધારે આજીડેમ નજીકથી વધુ એક દેશી પિસ્તોલ અને એક દેશી કટ્ટો મળી આવ્યો હતો.

# વડોદરા પંથકમાં ૪૮ કલાકમાં થયેલા અકસ્માતમાં ત્રણ લોકોનાં કરૂણ મોત

વડોદરા, તા. ૨૯




વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ૪૮ કલાકમાં અકસ્માતની ત્રણ ગંભીર ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે. માણેજા ક્રોસિંગથી જાંબુવા તરફ જતા માર્ગ પર પૂરઝડપે આવેલા બાઈકે રસ્તો ઓળંગી રહેલી મહિલા અને બે બાળકીઓને અડફેટે લીધાં હતાં. ગંભીર રીતે ઘાયલ એક બાળકીને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. ઘટના સીસીટીવીમાં કેદ થઈ હોવાનું સામે આવ્યું છે.

બીજી તરફ, દશરથ ગામે બ્રિજ પરથી ઊતરતી વખતે પુરઝડપે આવેલી કારે આઈસ્ક્રીમની લારી ચલાવતા ૫૫ વર્ષીય હનુમાન જાટને અડફેટે લેતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો.

આ ઉપરાંત ધન્યાવી ચોકડી પાસે બનેલા અકસ્માતમાં પણ એક વ્યક્તિનું મોત થયું હતું. ત્રણેય બનાવોમાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# અંબાજી મંદિરમાં ભક્તે અર્પણ કરી રૂ. ૨૪.૭૫ લાખની સોનાની લગડીઓ

અંબાજી, તા. ૨૯



રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે સુપ્રસિધ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરમાં એક ભક્તે માતાજીના ચરણોમાં લાખો રૂપિયાનું સોનાનું દાન અર્પણ કર્યું હતું. અજ્ઞાત ભક્તે કુલ ૧૬૭.૨૭૦ ગ્રામ સોનું અર્પણ કર્યું, જેમાં બે સોનાની લગડીઓ અને બે સોનાના ટુકડાઓનો સમાવેશ થાય છે. બજાર કિંમત મુજબ આ સોનાની કુલ કિંમત અંદાજે રૂ. ૨૪.૭૫ લાખ હોવાનું જાણવા મળ્યું છે. ભક્તે પોતાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખીને આ દાન કર્યું હતું. મંદિરના ટેમ્પલ ઈન્સ્પેક્ટર દ્વારા સત્તાવાર રીતે દાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. મંદિર પ્રશાસને ભક્તની શ્રધ્ધા અને નિઃસ્વાર્થ ભાવનાને બિરદાવી હતી.

# દક્ષિણ આફ્રિકામાં ભરૂચના વેપારીનું ફિલ્મી ઢબે અપહરણ

ભરૂચ, તા.૨૯



દક્ષિણ આફ્રિકામાં રહેતા મૂળ ભરૂચના વેપારી આસિફ ઘાસીયાનું ફિલ્મી ઢબે અપહરણ થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ આસિફભાઈ કારમાં જઈ રહ્યા હતા ત્યારે પોલીસના યુનિફોર્મમાં આવેલા અજાણ્યા શખ્સોએ કાર ચેકિંગના બહાને તેમને રોક્યા હતા. તેઓ કારમાંથી નીચે ઉતરતાં જ શખ્સોએ તેમને જબરદસ્તી અન્ય કારમાં બેસાડી દીધા હતા. આક્ષેપ મુજબ, બે અલગ-અલગ કારમાં આવેલા આશરે સાત સશસ્ત્ર શખ્સોએ પોલીસનો સ્વાંગ ધારણ કરીને અપહરણની ઘટનાને અંજામ આપ્યો હતો. ત્યારબાદ આસિફ ઘાસીયાને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે આસિફભાઈના પરિવારજનોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છે. દક્ષિણ આફ્રિકામાં વસતા ગુજરાતી સમુદાયમાં પણ ઘટનાને લઈને ચિંતા ફેલાઈ છે. પરિવારે ભારત સરકાર અને વિદેશ મંત્રાલયને તાત્કાલિક હસ્તક્ષેપ કરી દક્ષિણ આફ્રિકાની સરકાર તથા સ્થાનિક સુરક્ષા એજન્સીઓ સાથે સંકલન સાધવા અને આસિફભાઈને સુરક્ષિત રીતે પરત લાવવા માટે જરૂરી પગલાં ભરવાની અપીલ કરી છે.

